સુવિચાર
સુખદાયક સ્થિતિ ઉભી કરવી એ મનુષ્યનાં પોતાના જ હાથની વસ્તુ છે. સારું કરવું એ માણસાઈ છે, સારા થવું એ દેવતાઈ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૬/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૫૪




### બાબરા અને ખાંભા પંથકમાં એકથી ત્રણ ઈંચ વરસાદ પડયો

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં વાવણીનાં શ્રી ગણેશ

ખેડૂત પરિવારની મહિલાઓએ બળદને ચાંદલો કરી, ગોળ ખવરાવીને કપાસનું વાવેતર શરૂ કર્યુ

નાના–મોટા ચેકડેમ ભરાતાં પાંચાળ અને ગીરકાંઠા વિસ્તારમાં ખૂશીનો માહોલ છવાયો

બાબરાનાં ચમારડી ગામનાં ખેડૂત કિશોરભાઈ અને તેમના પરિવારનાં સભ્યોએ વાવણીકાર્ય શરૂ કર્યુ

છેલ્લા ર થી ૩ દિવસથી વરસાદ શરૂ થયો હોય અને આગામી કલાકોમાં વરસાદ પડવાની આગાહી હોવાથી વાવણી કાર્યનો પ્રારંભ



તસ્વીર : રાજુ બસીયા–બાબરા, ભાવિક કળસરિયા–ખાંભા

અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લાના અનેક વિસ્તારોમાં રવિવારે બપોર બાદ પડેલા વરસાદના કારણે જનજીવન ખુશખુશાલ છે. બાબરા અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન થતાં ખેડૂતો વાવણી કાર્યમાં જોતરાયા છે. બાબરા તાલુકાનાં ચમારડી ગામનાં ખેડૂત કિશોરભાઈ અને તેનો સમગ્ર પરિવાર આજે ખુબ ખુશખુશાલ છે. કારણે કે આજે તેઓ પોતાના ખેતરમાં વાવણી કાર્ય માટે તૈયારીઓ કરી રહ્યા છે. પોતાના વ્હાલસોયા બળદોને પણ આજે સ્નાન કરાવીને શુભમુહુર્તમાં પોતાના ખેતર જવા નીકળ્યા છે. ઘરની મહિલાઓ પરંપરા મુજબ બળદને ચાંદલો કરે છે, ગોળ ખવડાવીને બળદનું મોં મીઠું કરાવીને કપાસનું વાવણી કાર્ય આરંભી દીધુ છે.

અમરેલીના બાબરા સહિતના વિસ્તારોમાં અનેક ગામોમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### લો–વોલ્ટેજનાં કારણે સ્થાનિકો પરેશાન

## અમરેલીનાં ચોરાપા, દેરાસર, ઘાંચીવાડ, બટારવાડી સહિતનાં વિસ્તારમાં વીજ સમસ્યા

પીજીવીસીએલ દ્વારા નિરંતર વીજળી મળે તેવી માંગ

અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં વોર્ડ નં.૯ માં લો વોલ્ટેજનો પ્રશ્ન ઘણા વર્ષોથી ચાલી રહયો છે તેમજ ચોરાપા,

અનુસંધાન પાના ૬ ઉપર

### મહાકાય કોમ્પલેક્ષનાં વેપારીઓમાં ફફડાટનો માહોલ

## અમરેલીનાં લાયબ્રેરી રોડ ઉપર આવેલ ''મીરા'' કોમ્પલેક્ષને ફાયર સેફટીનાં અભાવે સિલ કરાયું

૧૦૦ જેટલી દુકાનો અને ઓફિસોને બંધ કરી દેવાઈ



અમરેલી, તા. ૧૧

રાજકોટમાં ગેમઝોનાં અગ્નિકાંડ થાય બાદ અમરેલીમાં ફાયર સેફટી અંગે રોજબરોજ ફાયર સેફટી વગરના કોમર્શિયલ કોમ્પલેક્ષ, તથા લોકોની વધુ અવરજવર વાળા બિલ્ડીંગોને નોટિસ પાઠવી અને ફાયર સેફટીના નિયમ મુજબ સાધનો લગાવવા જાણ કરવા છતાં પણ નોટિસનો અમલ નહીં કરતાં બિલ્ડીંગોને ફાયર વિભાગ દ્વારા સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે ત્યારે થોડા દિવસ પહેલાં અતિ ભીડ ભાડ વાળા અને શહેરની મધ્યમાં જિલ્લા પંચાયત સામે આવેલ જુના માર્કેટયાર્ડના સરદાર કોમર્શિયલ કોમ્પલેક્ષ સિલ કરી દેવાયું હતું. ત્યારે આજે અમરેલી શહેરમાં લાયબ્રેરી રોડ ઉપર આવેલ મીરા આર્કેડ નામનું કોમર્શિયલ કોમ્પલેક્ષને સીલ કરી દેવામાં આવતાં ફફડાટ ફેલાયો છે.

અમરેલીના લાયબ્રેરી રોડ ઉપર આવેલ સ્ટેટ બેંક આફ ઈન્ડિયા સામે આવેલ સામે આવેલ મીરા આર્કેડ નામનાં કોમર્શિયલ કોમ્પલેક્ષને અગાઉ ફાયર વિભાગ દ્વારા ફાયર સેફટી મુદ્દે નોટિસ ફટકારવામમાં આવી હતી. તેમ છતાં પણ આ કોમર્શિયલ કોમ્પલેક્ષના દુકાનધારકો દ્વારા બાદ ફાયર સેફટીના નિયમનો અમલ નહીં કરતાં આજે ફાયર વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરી અને આ કોમ્પલેક્ષ કરાયું સીલ કરી દેવાતા અમરેલીમાં ચકચાર મચી જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ અમરેલીના લાયબ્રેરી રોડ ઉપર આવેલ સ્ટેટ બેંક આફ ઈન્ડિયા સામે આવેલ સામે આવેલ મીરા આર્કેડ નામનાં આ ચાર માળના કોમ્પલેક્ષમાં ૧૦૦ જેટલી દુકાન અને ઓફિસ આવેલ છે.






## અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે કૌભાંડનો મધપુડો છંછેડયો

# સસ્પેન્ડ કલેકટર આયુષ ઓકે જે ફાઈલ કલીયર કરી તેની તપાસ કરો

**ગૌચર અને સરકારી પડતર જમીન પવનચકકી સહિતનાં અન્ય ઉદ્યોગગૃહોને ફાળવી હોવાની આશંકા વ્યકત કરવામાં આવી**

**અમરેલી ખાતે તેમની ફરજ દરમિયાન મહેસુલ સહિતનાં મહત્વનાં ટેબલ સંભાળનાર અન્ય કર્મચારીઓની પણ એસીબી દ્વારા તપાસ જરૂરી**

**તગડો પગાર છતાં પણ અમુક ભ્રષ્ટ અધિકારીઓ જનતાને ખંખેરવાનાં ગેરકાયદેસર કાર્યો કરતાં હોય છે**

**રાજયભરમાં ફેલાયેલ ભ્રષ્ટાચારને રોકવા માટે ખાસ એકશન લેવાની મુખ્યમંત્રી સમક્ષ માંગ કરી**

અમરેલી, તા. ૧૧

અમરેલીનાં તત્કાલીન અને વલસાડનાં કલેકટર આયુષ ઓકને મહાકાય કૌભાંડ કર્યાની આશંકાએ સસ્પેન્ડ કરવામાં આવતાં તેઓની અમરેલી જિલ્લાનાં કલેકટર તરીકેની ફરજ દરમિયાન જે ફાઈલ કલીયર થઈ છે તેની પુનઃ તપાસ કરવા પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લા કલેકટર તરીકે સસ્પેન્ડ થયેલા વલસાડ કલેકટર તરીકે આયુષ ઓકની ફરજ દરમ્યાન જમીનોમાં અનેક નાના–મોટા ગેરરીતિઓની લોકોમાં ચર્ચા ચાલી રહી છે. ગાયકવાડ સરકારીની એન્ટીક ગણાતી એક ઘડીયાળ પોતે ટ્રાન્સફર



થયા પછી બંગલામાંથી ગાયબ છે તેની તપાસ ચાલી રહી છે. પરંતુ મીલીભગતનાં કારણે તથ્ય સામે આવેલ નથી. અગાઉ પણ અનેક અધિકારીઓ ભારે મોટો ભ્રષ્ટાચાર કરી રહ્યા છે તેવી મેં પત્રથી આપને વિગતે જાણ કરેલ છે. રાજકીય માણસો નીતિ સાથે કામ કરતા હોય તો પણ પોતાની આબરૂ ઉપર અનેક દબાવો સોશ્યલ મીડિયા લોકો અને પ્રેસ મીડિયા લગાડી રહ્યા હોય છે જાહેરજીવનમાં આવું બની શકે. તેની સામે રોષ પણ ન હોઈ શકે, વિરોધ પણ ન હોઈ શકે. પરંતુ લોકો સમક્ષ તથ્ય સામે આવવું જોઈએ જેથી કરીને રાજકીય પાર્ટીના આગેવાનો બદનામ થતાં હોય તો તેની સાચી બાબત લોકો પાસે આવે. લોકમુખે એવી એક ચર્ચા ચાલી રહી છે ભ્રષ્ટનીતિ મોટાભાગની બ્યુરો કેસમાં ચાલી રહી છે ખૂબ મોટા પગાર હોવા છતાં ટેબલ નીચેથી ભ્રષ્ટાચારરૂપી કઈ ન મળે ત્યાં સુધી સાચી બાબતો પણ આગળ ચાલતી નથી અને તેના કારણે લોકો દંડાઈ રહ્યા છે. ભ્રષ્ટાચાર દૂર કરવા માટેનો ભારતીય જનતા પાર્ટીનો સ્લોગન છે પણ દિન–પ્રતિદિન ઓફિસોમાં ભ્રષ્ટાચાર વધી રહ્યો છે અને લોકોના સાચા કામો પણ ઘણી લાંબી પ્રક્રિયા અને ધકકા ખાઈને બહુ જ મુશ્કેલી સાથે આગળ વધતા હોય છે. લોકશાહીમાં લોકોને સરકારી અધિકારીઓની નાની–મોટી કોઈપણ બાબતોમાં જરૂર પડતી જ હોય છે પરંતુ આવા ભ્રષ્ટાચાર ચાલી રહ્યા છે તેના કારણે લોકો નીચવાઈ રહ્યા છે અને ભ્રષ્ટ અધિકારી માલા– માલ બની રહ્યા હોય તેવું લોકમખુ ચર્ચાઈ રહ્યું છે તેની સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ તેવું એક જાહેર જીવનના વ્યકિત તરીકે સામાન્ય લોકોના હિત માટે હું માની રહ્યો છું. આ પત્રથી આયુષ ઓકની અમરેલી ફરજ દરમ્યાન ફાળવેલી મોટા મોટા ઉદ્યોગોઅને પવનચકકીઓને જે જમીન ફાળવી છે તેમાં ભ્રષ્ટ નીતિ અપનાવી સરકારી નિયમોનો ભંગ થયેલ છે કે કેમ ? અને થયેલ હોય માત્ર આયુષ ઓક નહી પરંતુ તેમની સાથે રહેલા સહ કર્મચારીઓની પણ એસીબી મારફત તપાસ કરાવવામાં આવે અને આયુષ ઓક તરફથી મહત્વની જગ્યા ઉપર તેમની ફરજ દરમ્યાન થયેલી ભ્રષ્ટ નીતિની કામગીરીમાં તેમના તમામ સહ કર્મચારીઓની એસીબી મારફત મિલ્કતોની તપાસ કરાવવામાં આવે અને સરકાર ધ્વારા કોઈ સારા અધિકારીઓ જે ખરેખર નીતિ પ્રમાણે કામ કરે છે તેનો રેકોર્ડ સરકાર પાસે હશે જ તેવી ઉચ્ચ લેવલની કમિટી બનાવી ગુજરાતમાં થતાં ભ્રષ્ટાચાર ઉપર અને કર્મચારી/અધિકારીઓ ધ્વારા ભ્રષ્ટ નીતિ અપનાવી લોકોને પરેશાની બાબતમાં તાકીદે ગંભીરતા લઈ યોગ્ય કાર્યવાહી કરાવવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

---

### ખેડૂતનાં ભત્રીજા ઉપર ૧૦ ઈસમોનો હુમલો

## સાવરકુંડલાનાં મીતીયાળા ગામે યુવતી સાથે મૈત્રી કરાર કરવા બાબતે બઘડાટી બોલી

**સામાપક્ષેથી પણ વળતી પોલીસ ફરિયાદ કરાઈ**

અમરેલી, તા. ૧૧

સાવરકુંડલા તાલુકાના મીતીયાળા ગામે રહેતા પ્રફુલભાઈ લખમણભાઈ દેલવાડીયા નામનાં ૩૮ વર્ષિય ખેડુતના કુટુંબી ભાઈના દિકરા આસીલે રવજીભાઈ જાદવભાઈ ગોહીલની પુખ્ત વયની દિકરી અસ્મીતાને લઈ જઈ મૈત્રી કરાર કરેલ હોય. તે બાબતનું મનદુઃખ રાખી તા. ૯ ના સાંજે ૬ વાગ્યાના અરસામાં તે જ ગામે રહેતા કેશુભાઈ મંગાભાઈ ગોહીલ તથા બે મહિલા સહિત ૧૦ જેટલાં આરોપીઓએ પ્રાણઘાતક હથિયારો સાથે ગેરકાયદે મંડળી બનાવી ખેડૂત સહિતનાને માથામાં તથા ફેકચર જેવી ગંભીર ઈજા પહોંચાડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે આ જ બનાવમાં કેશુભાઈ મંગાભાઈ ગોહીલે પણ ચેતનભાઈ પ્રફુલભાઈ દેલવાણીયા તથા ત્રણ મહિલા સહિત સાત આરોપી સામે પ્રાણઘાતક હથિયારો સાથે ગેરકાયદે મંડળી બનાવી અલ્પેશભાઈને માથામાં તથા ફેકચરની ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.

---

### નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા

## અમરેલી ખાતે રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોનનાં મૃતકોનાં મોક્ષાર્થે યજ્ઞ સંપન્ન

**નાગદેવતા મંદિર ખાતે કાર્યક્રમ યોજાયો**

અમરેલી, તા. ૧૧

થોડા દિવસ પહેલાં રાજકોટ ખાતે આવેલ એક ગેમ ઝોનમાં બનેલ અગ્નિ હોનારતમાં ૨૭ જેટલાં લોકોએ જીવ ગુમાવ્યા હતા ત્યારે દિવંગત મૃતકોને શ્રદ્ધાંજલિ અને દિવ્યાત્માની શાંતિ અર્થે નરેન્દ્ર મોદી વિચાર મંચ અને ગાયત્રી જ્ઞાન મંદિર દ્વારા કુંડીય યજ્ઞનું આયોજન ગત તા. ૨/૬/૨૪ રવિવારે સાંજે ૪ થી ૬ સુધી અમરેલીના નાગદેવતા મંદિર (રાજમહેલ) ખાતે યોજાયો હતો.

વિશેષ આહૂતિ આપવાના કાર્યક્રમમાં અમરેલીના નવનિયુકત સાંસદ ભરતભાઈ સુતરિયા, મનિષભાઈ સિધ્ધપુરા, નરેન્દ્ર મોદી વિચાર મંચ અમરેલી જિલ્લાના અધ્યક્ષ જયદીપ ભાઈ નાકરાણી યુવા શાખાના પ્રદેશ ઉપાધ્યક્ષ દિનેશ કનાડીયા અમરેલી જિલ્લાના યુવા અધ્યક્ષ પ્રશાંત પરમાર તેમજ ગાયત્રી



જ્ઞાન ટ્રષ્ટ મંદિરના ભાઈઓ બીપીનભાઈ ભરાડ, અતુલભાઈ પંડયા, હરેશભાઈ જાની, રશ્મીભાઈ વ્યાસ, ભાસ્કરભાઈ તલાવીયા, વિજયભાઈ પંડયા તેમજ પરીવારની બહેનો તેમજ તમામ હોદેદાર તેમજ કાર્યકર ઉપસ્થિત રહી દિવંગત મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

---

## મિનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા કોમર્શિયલ વાહનોના ફિટનેસની રિન્યુઅલ અરજી આટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન ખાતેથી કરાવવા વાહન માલિકોને અનુરોધ

**કોમર્શિયલ વાહન માલિકે ૧૨ જૂનથી રિન્યુઅલની અરજી ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન ખાતેથી કરાવવાની રહેશે**

અમરેલી, તા. ૧૧

મિનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા તા. ૧૨/૯/૨૦૨૩થી નોટિફિકેશન જીએસપી ૬૬૩(ઈ) બહાર પાડવામાં આવ્યું છે તે મુજબ જે–તે વિસ્તારના આરટીઓ–એઆરટીઓના કાર્યક્ષેત્રમાં ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન કાર્યરત હોય તે કાર્યક્ષેત્રમાં તમામ પ્રકારના કોમર્શિયલ (કોમર્શિયલ/ ટ્રાન્સપોર્ટ વાહનો (એમ.એન. કેટેગરી સાથે ટી કેટેગરી અને કન્સ્ટ્રકશન ઈકિવપમેન્ટ)ના ફિટનેસ રિન્યુઅલની અરજી ફરજિયાતપણે તા. ૧૨ જૂન, ૨૦૨૪થી ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન ખાતે જ કરવાની રહે છે. હાલમાં કાર્યરત ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનની માહિતી એનઆઈસીના એએફએમએસ પોર્ટલ પર ઉપલબ્ધ છે જે http://vahan/parivahan.gov.in/AFMS/#/ પરથી મેળવી શકાય છે, જેની તમામ વાહન માલિકોને નોંધ લેવા માટે અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

---

### શૌચાલય બનાવવા બાબતે માથાકૂટ

## ખાંભાનાં નવા માલકનેશ ગામે પતિ અને પત્ની ઉપર થયો હુમલો

**પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૧

ખાંભા તાલુકાના નવા માલકનેશ ગામે રહેતા લાભુબેન માયાભાઈ સોલંકી નામની મહિલા તથા આરોપી હરજીભાઈ ભીમભાઈ બારૈયાનું મકાન બાજુ–બાજુમાં આવેલ હોય અને મહિલાના ફળીયાની દિવાલને અડીને આરોપી પડોશીઓ સંડાસ બાથરૂમનું ચણતર કરતા હોય. જેથી મહિલાએ આરોપી હરજીભાઈ ભીમભાઈ બારૈયાને કહેલ કે ચણતર નહિ કરવા અને હજુ દિવાલમાં પ્લાસ્ટર કરવાનું બાકી છે. તેમ કહેતા એક મહિલા સહિત ચાર આરોપીઓએ ગાળો બોલવા લાગેલ અને મહિલા સાથે ઝઘડો તકરાર કરવા લાગેલ. તે દરમ્યાન મહિલાના પતિ આવી જતા આરોપીઓને આ બાબતે સમજાવવા જતા આરોપીઓએ મહિલાના પતિને પકડી રાખી આરોપીઓએ લોખંડનો પાઈપ ડાબા પગના પીંડીના ભાગે મારી ગંભીર ઈજા કરી તથા જમણા કાનપાસે પાઈપ મારી ફેકચર જેવી ઈજા કરી તથા મહિલા બચાવવા જતા તેણીને વાસાના ભાગે મુંઢ માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### શિક્ષણ, આરોગ્ય, રેલ્વે, એરપોર્ટ બાદ વધુ એક વિભાગ ખાનગીકરણ તરફ

## હે રામ : હવે પીજીવીસીએલનુ ખાનગીકરણ કરવાની તૈયારીઓ શરૂ થતા નારાજગી

**તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીએ ખાનગીકરણનો કર્યો વિરોધ**

અમરેલી, તા. ૧૧

લોકસભાની ચૂંટણી પૂર્ણ થતા વેત જ ગુજરાતની ભાજપ સરકારે પોતાનો અસલી રંગ બતાવવાનો શરૂ કરી દીધો છે, ગુજરાતમાં સરકારી વીજ કંપનીઓને ચાર ઝોનમાં વહેંચવામાં આવી છે, અને આ ચારેય ઝોનનું ખાનગીકરણ કરવા માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે, જેના ભાગરૂપે ગુજરાતની ભાજપ સરકારે પ્રથમ તબકકામાં સેન્ટ્રલાઈઝ કોલ સેન્ટર અને ફોલ્ટ સેન્ટરનુ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે, સરકારી વીજ કંપનીઓનું ખાનગીકરણ કરવા માટે ગુજરાત સરકાર તરફથી એજન્સીઓની નિમણૂંક માટે ટેન્ડરો બહાર પાડવામાં



આવ્યા જેનો વિરોધ સરકારી વીજ કર્મચારીઓનું એસોસિએશન એવા ગુજરાત ઊર્જા સંયુક સંકલન સમિતિ તથા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા કરવામાં આવ્યો છે, જો સરકારી વીજ કંપનીઓનું ખાનગીકરણ કરવામાં આવે તો કેટલાય કર્મચારીઓ સરકારી નોકરી વગરના થઈજશે, અને વીજ ગ્રાહકોને ખાનગી એજન્સીઓ સાથે અવાર–નવાર સામાન્ય બાબતે તકરાર ઊભી થશે અને ખાનગી એજન્સીઓ આવવાથી ભ્રષ્ટાચારનું પ્રમાણ વધશે, તથા વીજ ગ્રાહકોની સમસ્યાઓનું સમયસર સમાધાન થશે નહીં, જો ગુજરાતની ભાજપ સરકાર દ્વારા સરકારી વીજ કંપનીઓનું ખાનગીકરણ કરવા માટેનું ટેન્ડર રદ કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ આપી છે.

---

# મહુવા : મહંત સ્વામી મહારાજની હાજરીમાં સત્સંગ દિન અને પ્રમુખ વરણી દિનની ઉજવણી



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, મહુવામાં પધારેલા સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં હજારો હરિભકતો તથા નગરજનો તેઓનાં અદભુત દર્શન અને આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી રહ્યા છે. નિત્ય પ્રાતઃ પૂજા તથા સાયંસભામાં સ્વામીશ્રીની ઉપસ્થિતિ ભાવિકોને આકર્ષિત કરી રહી છે. ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ, વિવિધ ઉદ્યોગપતિઓ અને દેશ–વિદેશના મહાનુભાવો સ્વામીશ્રીનાં દર્શને ઉપસ્થિતિ રહ્યા હતા. સાંજની સભામાં આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે સત્સંગ અમૂલ્ય છે અને દરેક જો સત્સંગનું મૂલ્ય જાણે તો તેને કંઈ કરવાનું બાકી રહેતું નથી. ભગવાન તો ભકતોની મનોકામના પૂર્ણ કરવા માટે હંમેશાં હાજર જ હોય છે. સત્સંગ અને સેવા કરી લેવી જોઈએ, તો જીવમાંથી બ્રહ્મત્વ તરફ ગતિ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્રમુખ વરણી દિવસ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, સંવાદ, નૃત્ય અને સંતપ્રવચનો દ્વારા પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજના ગુણગાન ગવાયા તથા પરમ પૂજય મહંતસ્વામી મહારાજના અદભુત આશીર્વાદ પણ પ્રાપ્ત થયા હતા. સાથે આ સમય દરમિયાન હનુમંત સેવા મેડિકલ ટ્રસ્ટ હનુમંત હોસ્પિટલ અને બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થાના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ૪૦૦ થી વધારે લાભાર્થીઓએ પોતાના રોગનું નિદાન કરી નિઃશુલ્ક દવા પ્રાપ્ત કરી હતી. જેમાં આઠ જેટલી અલગ અલગ વિભાગના તજજ્ઞ ડોકટરોએ પોતાની અમૂલ્ય સેવા આપેલી અને નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલું જેમાં ૬૫ જેટલા રકતદાતાઓએ રકતદાન કરેલ અને ઉપરોકત સર્વરોગ નિદાન કેમ્પ તથા રકતદાન કેમ્પ તથા સ્ટર્લીંગ એકયુરિસ લેબોરેટરી તથા જનસેવા ટ્રસ્ટનાં સહયોગ દ્વારા લેબોરેટરી તપાસ–નિદાનનો લાભ પણ આપણને તારીખ ૧૨ જૂનના સાંજ ના ૪:૩૦ કલાકનાં સ્વામીશ્રી પૂજા દર્શન સભામંડપ માં પણ પ્રાપ્ત થનાર છે. અંતમાં પ્રવકતાએ સ્વામીશ્રીનો આભાર માન્યો કે ૯૧ વર્ષની વયે પણ તેઓ સ્વાસ્થય અને ગરમીના વાતાવરણને અવગણી તથા અમેરિકા અને અબુધાબી જેવા દેશોમાં સંસ્કૃતિ જયઘોષ કરીને નાનકડા મહુવા ગામમાં પોતાના ગુરૂનાં જન્મસ્થાન અને સ્મૃતિ મંદિરે દર્શને પધાર્યા. સૌને તેઓશ્રીની અનન્ય ગુરૂભકિતનાં દર્શન થયા. સભાના અંતે દરેક ભકતજનોએ મંદિરમાં જ પ્રસાદનો લાભ લીધો હતો.

# દેશનું સૌથી મોટુ શિક્ષણ કૌભાંડ એટલે મેડિકલ પ્રવેશનું નીટ ગ્રેસીંગ

# ભાજપ સરકારે ખાનગીકરણ કરીને શિક્ષણનો સત્યાનાશ કર્યાનો આક્ષેપ

### દેશનાં કરોડો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનાં બાળકોનું ડોકટર બનવાનું સ્વપ્ન સાકાર થશે નહી

### માલેતુજારો અને રાજકીય વગ ધરાવનારનાં બાળકો આરામથી ડોકટર બની જશે

### હરિયાણાનાં જીંજર કેન્દ્રનાં એકી સાથે ૭ પરીક્ષાર્થીઓ દેશમાં અગ્રેસર

### સમાજ ચિંતક તખુભાઈ સાંડસુરે શિક્ષણ અને દેશનાં ભવિષ્ય ગણાતા બાળકો અંગે ચિંતા વ્યકત કરી

અમરેલી, તા. ૧૧



દેશની જુદી–જુદી સમસ્યાઓ અંગે અવારનવાર પોતાનાં વિચારો રજૂ કરતાં શિક્ષણપ્રેમી લેખક તખુભાઈ સાંડસુરે એક નિવેદન જાહેર કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, ભાજપની સરકારે શિક્ષણનું ખાનગીકરણ કરીને જે રીતે સત્યનાશ કર્યો છે તેમાં સૌથી શોષિત અને પીડિત હોય તો તે ગરીબ, મધ્યમ વર્ગ છે, જે કોઈ પહોંચ ધરાવતો નથી તેનાં કારણે આ વર્ગના લોકોને મળતાં હકકો ઉપરના વર્ગના તથા રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ આર્થિક–રાજકીય ક્ષમતા ધરાવતા લોકો મેળવી લે છે. આ હકકને ડુબાડી દેનારા લોકોને કશું થતું પણ નથી તેનું ઉદાહરણ તાજેતરમાં બહાર આવેલાં નીટ એકઝામના ગ્રેંસીગ કૌભાંડ ગણી શકાય. આ કૌભાંડ આચરવા પાછળનો આશય સાફ છે કે ભારતની મેડિકલ કોલેજોમાં આર્થિક અને રાજકીય સક્ષમ વ્યકિતઓના સંતાનોને આવી બેઠકો પર ગોઠવી દઈને બીજાના હક્કોને ડુબાડી દેવાં તેને પાછળ રાખી દેવા.

વાત એમ છે કે ભારતની ટોટલ ૧,૦૬,૩૩૩ મેડિકલ બેઠકોમાં પ્રવેશ માટે નીટ એકઝામનું આયોજન થાય છે. દર વર્ષે નીટમાં ૨૪ લાખ વિદ્યાર્થીઓ સામેલ થાય છે. આ પરીક્ષાનું આયોજન નેશનલ ટેસ્ટિંગ એજન્સી કરે છે જે એક સ્વતંત્ર સંસ્થા છે. ભારતમાં કુલ ૬૯૫ મેડિકલ કોલેજોમાં એમબીબીએસના પ્રથમ વર્ષમાં નીટ એકઝામના આધારે પ્રવેશ આપવામાં આવે છે. તેમાંથી ૫૫,૬૪૮ સીટ સરકારી મેડીકલ કોલેજની છે તેમાં સામાન્ય વર્ગનો વિદ્યાર્થી એમબીબીએસનો અભ્યાસ કરી શકે છે. પરંતુ આ બેઠકો પર પ્રવેશ જે જરૂરિયાતમંદ નથી તે મેળવી જાય છે અને જરૂરિયાતમંદ બાકી રહી જતાં હોય છે. કારણ કે સરકારી કેટેગરીમાં આર્થિક સક્ષમતાના લોકોને એડમિશન મળી જાય ગરીબ લટકી જાય!

વધુમાં જણાવેલ છે કે, હવે વાત એ કરીએ કે ચાલુ વર્ષે ૨૦૨૪ની નીટ પરીક્ષાનું પરિણામ ૪ જૂનના રોજ જાહેર કરવામાં આવ્યું. સમગ્ર ભારતમાં આ પરીક્ષાની સામે ખૂબ મોટી બબાલ ઊભી થયેલી છે. યુવાનોનો એક આક્ષેપ એ છે કે હજારો વિદ્યાર્થીઓને નીટ એકઝામમાં ગ્રેસિંગ માર્ક આપીને એક બહુ મોટું કૌભાંડ કરવામાં આવ્યું છે. જેથી રાજકીય વગ ધરાવતાં અને આર્થિક રીતે સંપન્ન હોય તેવા ગ્રેસિંગ માર્ક મેળવીને કટ ઓફમાં આગળ નીકળી ગયાં અને ગુણવત્તાયુકત વિદ્યાર્થીઓ પાછળ રહી ગયા. એટલે કે જેમને આ માકર્સ મળવા જોઈએ અને એડમિશન મળવું જોઈએ તે ન મળે અને ગ્રેસિંગ મેળવનારા એડમિશન મેળવી જાય.

વધુમાં જણાવેલ છે કે, નીટ એકઝામ ટોટલ ૭૨૦ ગુણની હોય છે અને તેમાં ચાલુ વર્ષે ૭૨૦ માંથી ૭૨૦ મેળવનારા વિદ્યાર્થીઓ ૬૭ નીકળ્યા છે. તેમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ૭૨૦ માંથી ૭૨૦ મેળવનારા હરિયાણાના જીંજર સેન્ટરના છે તેના એક સાથે સાત વિદ્યાર્થીઓ ટોપર બન્યાં છે જે સંભવ નથી! પછી આ પરીક્ષાનું આયોજન કરનાર એનટીએ સંચાલકો દ્વારા હજારો વિદ્યાર્થીઓને તેની માર્કશીટમાં ગ્રેસિંગ માર્ક આપીને તેના ગુણ વધારી દેવામાં આવ્યાં છે. પરીક્ષાના સંચાલકો જણાવે છે કે અમે આવા ગ્રેસિંગ માર્ક વધાર્યા હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૧૫૬૩ છે. પરંતુ નીટ એકઝામના એકસપર્ટનું કહેવું છે કે ગયાં વર્ષે ૬૪૫ થી ૬૪૭ની વચ્ચે માર્ક ધરાવનારાની આગળ માત્ર વીશેક હજાર વિદ્યાર્થીઓ હતાં તે આંકડો ચાલુ વર્ષે ૪૦–૪૫ હજારનો એટલે કે બમણો થઈ ગયો છે તો કોઈ બીજા અંકોમાં તે આંકડો ત્રણ ગણો પણ દેખાઈ રહ્યો છે. એનો અર્થ એ થયો કે આ ગ્રેસિંગ મેળવનારાં વિદ્યાર્થીઓ માત્ર ૧૫૬૩ નથી. સુત્રો દ્વારા જાણવા મળે છે કે આ કૌભાંડ હરિયાણા, પંજાબ, દિલ્હી અને છત્તીસગઢ રાજયમાં આચરવામાં આવ્યું છે. તેના વિદ્યાર્થીઓને ગ્રેસિંગ આપવામાં આવ્યાં છે. ગ્રેસિંગના બચાવમાં સંચાલકો કહે છે કે ૨૦૧૮ના અપેક્ષ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ મુજબ કોઈપણ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સમય ઘટયો હોય તો તે બચાવવા માટે ગ્રેસિંગ માર્ક આપી શકાય. પરંતુ વાસ્તવમાં આ ચુકાદો એવું જણાવે છે કે ગ્રેસિંગ માર્ક તો જ આપી શકાય કે જો પરીક્ષા ઓનલાઈન લેવાતી હોય અને ઓનલાઈન પરિક્ષા દરમિયાન તેનું સર્વર કામ ન કરતું હોય અને તેના કારણે પરીક્ષાર્થીનો સમય બગડયો હોય તો તેના માટે કેટલો સમય બગડયો છે તેને ધ્યાનમાં લઈને ગ્રેસિંગ આપી શકાય. પરંતુ ઓફલાઈન પરીક્ષામાં કોઈ ગ્રેસિંગ આપવાની જોગવાઈ નથી. તો પછી જેમણે સમયની ફરિયાદો કરી તેમને કેવી રીતે ગ્રેસિંગ આપવામાં આવ્યું. આજે પણ આ ખુલાસો પરીક્ષાના સંચાલકો કરી શકયાં નથી. છેલ્લાં એક અઠવાડિયાથી સમગ્ર ભારતમાં અને વિશેષ કરીને જે રાજયોમાં આ નીટ પરીક્ષાનું પરિણામ અસરકર્તા બને છે ત્યાં તેનો વિરોધ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે.

ગુજરાતને આ મેડિકલ પ્રવેશ પદ્ધતિ અસરકર્તા નથી કારણ કે અહીં દરેક વિદ્યાર્થી કે જે મેડિકલમાં પ્રવેશ મેળવનાર છે તેણે ગુજરાતની શાળામાં અભ્યાસ કરેલો હોવો જરૂરી છે. તેથી તેને આ ગ્રેસિંગ માર્ક મેળવનાર બીજા રાજયોના હોવાથી અસર કરતા નથી. પરંતુ સમગ્ર ભારતમાં આ પ્રકારનું કૌભાંડ જયારે થાય ત્યારે તેની અસર ગુજરાતને પણ કોઈને કોઈ રીતે બિનનિવાસી તથા ખુલ્લી બેઠકો પર થઈ શકે છે પરંતુ ગુજરાતનો વાલી વર્ગ મૌન શા માટે છે?

વધુમાં જણાવેલ છે કે, જે રાજયોમાં આ પ્રવેશ પ્રક્રિયા પ્રભાવિત થાય છે ત્યાં ખૂબ મોટો વિરોધ જોવા મળી રહ્યો છે. આપણે જાણીએ છીએ કે આ પરીક્ષાના પેપરો લીક કરવા, પેપરોમાં ગેરરીતિઓ આચરવી વગેરે વાત હવે છુપી રહી નથી. ગુજરાતમાં પણ ગોધરામાંથી નીટ એકઝામ પેપરના ગોટાળા કરવાના સમાચારો બહાર આવેલાં તેનાં માટે કેટલાંક લોકોની ધરપકડ પણ થયેલી. તો આ બધું બતાવે છે કે કેટલાંય લોકો અલગ અલગ પ્રકારના હતગંડાઓ અપનાવીને પોતાના સંતાનોને મેડિકલમાં પ્રવેશ મેળવીને ડોકટર બનાવી દેવાની પેરવીમાં હોય છે.

સમગ્ર દેશમાં માત્ર ૨૪૦૦૦ હજાર સીટો સરકારી કવોટાની બીન અનામત છે કુલ સરકારી સીટો ૫૬૦૦૦ છે. માત્ર તેમાં જ સરકારની રૂએ ફીનું માળખું હોય છે. આ ફી ગરીબ વર્ગને પોસાય તેવી છે. પરંતુ જો તેને ખાનગી કોલેજમાં એડમિશન મળે તો ત્યાં ખૂબ મોટી ઊંચી ફી એટલે કે વર્ષે લગભગ ૮ લાખથી વધુ આપવી પડે છે જે તેને પરવડે તેવી હોતી નથી! આ બધી જ બાબતોને ધ્યાનમાં રાખીને આપણે જે વર્ગને અન્યાય કરી રહ્યાં છીએ તે વર્ગ એ કદાચ પોતાનો અવાજ પણ નહીં કરી શકે અને ઈશ્વરને ગુહાર લગાવશે! પણ, તમે દર વર્ષે ૫૦૦૦ મેડિકલ બેઠકોના વધારાની શેખી મારો છો પરંતુ આવાં કૌભાંડોમાં મૌન સેવીને અથવા કૌભાંડીને બચાવીને ખૂબ મોટો અપરાધ કરી રહ્યાં છો. કવિ નૈષધ મકવાણા કહે છે, ‘અલ્યા, ભેદભાવ રાખો અને ભાગલાંય પાડો તો યે તમને કંઈ નહીં કહેવાનું..?! ઉમાશંકર કહે કે ભુખ્યા જનના જઠરાગ્નિ જાગશે, ખંડેર તણી ભષ્મ કણી લાંધશે.’

આ સમગ્ર ઘટનાની તપાસ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના દેખરેખ હેઠળ થવી જોઈએ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા પારદર્શક અને વધુ ધારદાર બનાવવા માટે સૌએ એકી અવાજે આગળ આવવું પડશે. એટલું જ નહીં સરકારી બેઠકોની પ્રવેશ પ્રક્રિયામાં આર્થિક માપદંડો દાખલ કરીને આપણે સામાન્ય જનને તક આપવી જ રહી. સુપ્રિમ કોર્ટ સંજ્ઞાન લઈ વિષયને ધ્યાનમાં લેતાં ગંભીરતા દાખવી તેનો આશાવાદ છે. તેમ અંતમાં જણાવેલ છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલાની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭















જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪




અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100 % કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ??
નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થી ઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..

ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.10 P.R. | ફી માફી |
|---|---|
| A1 Grade | 100% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો.. | નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

### મોહન માઝી બનશે ઓડિશાના નવા મુખ્યમંત્રી

# ભાજપના વિધાયક દળે ૨ નાયબ મુખ્યમંત્રીના નામ પર લગાવી મહોર

## પ્રભાતી પ્રવિદા અને કેવી સિંહને ઓડિશાનાં નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે

ઓડિશા,તા.૧૧

ઓડિશાનાં આગામી મુખ્યમંત્રી કોણ બનશે, તે બીજેપીએ નક્કી કરી દીધું છે. મોહન માજીને રાજ્યના મુખ્યમંત્રી બનાવવામાં આવશે. સીએમની નિમણૂંક માટે રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવને પર્યવેક્ષ નિમવામાં આવ્યા હતા. પ્રભાતી પ્રવિદા અને કેવી સિંહને ઓડિશાનાં નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે.

મોહન ચરણ માજી ઓડિશાનાં ૧૫માં મુખ્યમંત્રી ચૂંટાયા છે. તેઓ રાજ્યમાં પ્રથમ વખત બીજેપી સરકારનું નેતૃત્વ કરશે. તેઓ ૨૦૧૯માં ઓડિશા વિધાનસભા ચૂંટણીમાં ક્યોંઘર વિધાનસભાથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે વર્ષ ૨૦૦૦થી ૨૦૦૯ દરમિયાન બે વખત ક્યોંઘરનું પ્રતિનિધિત્વ પણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ઓડિશાની વિધાનસભામાં ચૂંટણીમાં ભાજપે ૧૪૭ બેઠકોમાંથી ૭૮ બેઠકો જીતી બહુમતી મેળવ્યા બાદ મુખ્યમંત્રીની પસંદગી કરવાની કવાયત શરૂ કરી દીધી હતી. રાજ્ય અને કેન્દ્રના ભાજપ નેતાઓએ નવા મુખ્યમંત્રીની ચર્ચા દિલ્હીમાં ચર્ચા-વિચારણાઓ શરૂ કરી દીધી હતી. જોકે એવા અહેવાલો પણ સામે આવ્યા હતા કે મુખ્યમંત્રીની રેસમાં ગુજરાત કેડરના આઈએએસ અધિકારીનું નામ સૌથી આગળ હતું.

નવા મુખ્યમંત્રીના ઉમેદવારની રેસમાં પૂર્વ કેગ અને જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ ગિરીશ ચંદ્ર મુર્મૂ અને તેમની સાથેના કેટલાક નવા ચૂંટાયેલા ધારાસભ્યોના નામોની ચર્ચાઓ પણ ચાલી હતી. મીડિયામાં તેમના નામની વ્યાપક ચર્ચાઓ ચાલી હતી. ગુજરાત કેડરના ૧૯૮૫ બેંચના આઈએસ અધિકારી મુર્મૂ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના હોવાનું કહેવાય છે.જ્યારે નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે બે કાર્યકાળ સંભાળ્યો હતો, ત્યારે ગિરીશ મુર્મૂએ સેક્રેટરી જનરલ તરીકે કામ કર્યું હતું. જ્યારે અમિત શાહ ગૃહમંત્રી હતા, ત્યારે તેઓ ગૃહ વિભાગના સંયુક્ત સચિવ હતા. ભાજપ આદિવાસીઓનું સમર્થન મેળવવા મુર્મૂને ઓડિશાના મુખ્યમંત્રી બનાવે તેવી ચર્ચાઓ હતી.

મુખ્યમંત્રી પદના દાવેદારોમાં અન્ય નેતાઓની વાત કરીએ તો તેમાં સંબલપુરના નવા ચૂંટાયેલા ધારાસભ્ય જયનારાયણ મિશ્રા, ઓડિશા ભાજપના પૂર્વ અધ્યક્ષ અને પાટનાગઢના નવા ધારાસભ્ય કે.વી.સિંહ દેવ, બ્રજરાજનગરના નવા ધારાસભ્ય સુરેશ પુજારી અને કેંદુઝરથી નવા ધારાસભ્ય મોહમ માઝીનું નામ પણ ચર્ચામાં હતું.

### RSSનાં મુખપત્રએ કહી દીધી સ્પષ્ટ વાત

# લોકસભા ચૂંટણીના પરિણામો પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ટિપ્પણી કરી

## લોકસભાની ચૂંટણીનાં પરિણામો ઓવરકોન્ફિડેન્સ ધરાવતા BJPનાં કાર્યકર્તાઓ માટે રિયાલિટી ચેક સમાન સાબિત થયા

નવીદિલ્હી,તા.૧૧

લોકસભા ચૂંટણીના પરિણામો પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ટિપ્પણી કરી છે. આ અંગે RSSએ કહ્યું છે કે લોકસભા ચૂંટણીના આ પરિણામો બીજેપીના અતિઉત્સાહિત કાર્યકર્તાઓ અને નેતાઓનો રિયાલિટી ચેક છે, જે પોતાની દુનિયામાં મગ્ન હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વથી પ્રભાવિત હતા. આ જ કારણોસર આ લોકો સુધી સામાન્ય માણસોનો અવાજ પહોંચી રહ્યો નહોતો.RSSએ પોતાના મુખપત્ર ઓર્ગેનાઈઝરના તાજેતરના અંકમાં આ ટિપ્પણી કરી છે. માઉથપીસના લેખમાં કહેવામાં આવ્યું છે કે આરએસએસ ભાજપનું 'ક્ષેત્ર બળ' નથી. પરંતુ ભાજપના નેતાઓ અને કાર્યકરોએ ચૂંટણીમાં સહકાર માટે સ્વયંસેવકોનો સંપર્ક સુધ્ધાં કર્યો ન હતો. આ ચૂંટણી પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે આવા અનુભવી સ્વયંસેવકોની પણ અવગણના કરવામાં આવી હતી, જેમણે સોશિયલ મીડિયાના આ યુગમાં પ્રસિદ્ધિની લાલસા વિના અથાક મહેનત કરી છે.

આરએસએસના સભ્ય રતન શારદાએ આ લેખમાં કહ્યું છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામો અતિ ઉત્સાહી કાર્યકરો અને ભાજપના ઘણા નેતાઓ માટે વાસ્તવિકતાની તપાસની જેમ આવ્યા છે. તેમને ખ્યાલ ન હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ૪૦૦ પાર કરવાનું સૂત્ર તેમના માટે લક્ષ્ય અને વિપક્ષ માટે પડકાર છે. આ ચૂંટણીમાં ભાજપને ૨૪૦ બેઠકો મળી છે, જે બહુમતીથી ઓછી છે પરંતુ NDA ૨૯૩ બેઠકો સાથે બહુમતી મેળવવામાં સફળ રહ્યું છે. કોંગ્રેસને ચૂંટણીમાં ૯૯ બેઠકો મળી હતી, જ્યારે ઈન્ડિયા બ્લોકને ૨૩૪ બેઠકો મળી હતી. આ ચૂંટણીમાં જીતેલા બે અપક્ષોએ કોંગ્રેસને સમર્થન આપ્યું, જેના પછી ઈન્ડિયા બ્લોકની સંખ્યા વધીને ૨૩૬ થઈ ગઈ. શારદાએ લખ્યું કે ધ્યેય ચૂંટણી ક્ષેત્રમાં સખત મહેનતથી પ્રાપ્ત થાય છે, સોશિયલ મીડિયા પર પોસ્ટર અથવા સેલ્ફી શેર કરીને નહીં. તેઓ વડાપ્રધાન મોદીની લોકપ્રિયતાનો જશ્ન મનાવતા પોતાની જ દુનિયામાં મગ્ન થઈ ગયા હતા. આવી સ્થિતિમાં તેમણે સામાન્ય લોકોનો અવાજ સાંભળ્યો નહીં. આરએસએસના મુખપત્રે ચૂંટણીમાં ભાજપના નબળા પ્રદર્શન માટે બિનજરૂરી રાજકારણને એક કારણ ગણાવ્યું હતું. આ લેખમાં કહેવામાં આવ્યું હતું કે મહારાષ્ટ્ર બિનજરૂરી રાજકારણનું મુખ્ય ઉદાહરણ છે. અજિત પવારની આગેવાની હેઠળનું NCP જૂથ ભાજપમાં જોડાયું. જ્યારે ભાજપ અને શિવસેના પાસે બહુમતી હતી. જ્યારે શરદ પવારનો પ્રભાવ બે-ત્રણ વર્ષમાં ખતમ થઈ ગયો હોત કારણ કે NCP આંતરિક કલહથી ઝઝૂમી રહી હતી. મહારાષ્ટ્રમાં ભાજપનું પ્રદર્શન સારું રહ્યું નથી કારણ કે તે ૨૦૧૯ની ચૂંટણીની સરખામણીમાં માત્ર નવ બેઠકો જીતી શકી હતી. શિંદેના નેતૃત્વમાં શિવસેનાને સાત બેઠકો મળી હતી. જ્યારે અજિત પવારના નેતૃત્વમાં એનસીપીને માત્ર એક બેઠક મળી હતી.

### PAYTMએ 3,૫૦૦ કર્મચારીઓને છૂટા કર્યા

# PAYTMએ 3,૫૦૦ કર્મચારીઓની છટણી કરતા, સંખ્યા ઘટીને ૩૬,૫૨૧ થઈ

## ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૮૩.૪૮ પર ખુલ્યો હતો

નવી દિલ્હી,તા.૧૧

વૈશ્વિક બજારમાં આવેલા ઉતાર - ચઢાવને પગલે ડોલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હતો અને સોમવારે ૮૩.૫૦ પર બંધ થયો હતો. ભારતના ચલણ આવેલી આ નબળાઈ માટે સ્થાનિક શેરબજારો જવાબદાર ગણવામાં આવે છે તેની સાથે અમેરિકન કરન્સી મજબૂત થવાને કારણે પણ રૂપિયામાં ઘટાડો થયો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૮૩.૪૮ પર ખુલ્યો હતો. પાછલા સત્રમાં તે ૮૩.૪૦ પર બંધ રહ્યો હતો.Paytm ની માલિકીની કંપની One97 Communications એ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં લગભગ ૩,૫૦૦ કર્મચારીઓની છટણી કરી છે. વેચાણ વિભાગમાં આ છટણી કરવામાં આવી છે. આ સાથે પેટીએમ કર્મચારીઓની સંખ્યા ઘટીને ૩૬,૫૨૧ થઈ ગઈ છે.

કંપનીએ કહ્યું કે, તે કર્મચારીઓના સરળ ટ્રાન્સફર માટે આઉટપ્લેસમેન્ટ સહાય પૂરી પાડી રહી છે. ૨૦૨૩-૨૪ના ચોથા ક્વાર્ટરમાં કંપનીની ખોટ વધીને ૫૫૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ડોલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હતો અને સોમવારે ૮૩.૫૦ પર બંધ થયો હતો. સ્થાનિક શેરબજારોમાં નબળાઈ અને અમેરિકન કરન્સી મજબૂત થવાને કારણે રૂપિયામાં ઘટાડો થયો હતો.ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૮૩.૪૮ પર ખુલ્યો હતો. પાછલા સત્રમાં તે ૮૩.૪૦ પર બંધ રહ્યો હતો.દેવાથી ડૂબેલા જયપ્રકાશ એસોસિએટ્સના સસ્પેન્ડેડ બોર્ડે એપેલેટ ટ્રિબ્યુનલ NCLATમાં NCLTના ગયા સપ્તાહના આદેશને પડકાર્યો છે. NCLTએ કંપની સામે નાદારીની કાર્યવાહી શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો

### ભાજપના ધારાસભ્યોનું સંખ્યા બળ ૧૬૧ થયું

# ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણીમાં જીતેલા પાંચ ધારાસભ્યોએ શપથ લીધા

## આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રી મંડળના સભ્યોએ નવ નિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૪માં ચૂંટાયેલા પાંચ નવ નિયુક્ત ધારાસભ્યોને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આજે વિધાનસભા ખાતે ધારાસભ્ય પદ માટેના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રી મંડળના સભ્યોએ નવ નિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષના કાર્યાલયમાં યોજાયેલ શપથવિધિ સમારંભમાં વિજાપુર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ડો. સી. જે. ચાવડા, પોરબંદર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા,માણાવદર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય અરવિંદ લાડાણી, ખંભાત વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ચિરાગ પટેલ અને વાઘોડિયા વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદના શપથ ગ્રહણ કર્યા હતા. હવે વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોનું સંખ્યા બળ ૧૬૧ થયું છે અને કોંગ્રેસ પાસે માત્ર ૧૩ જ ધારાસભ્યો રહ્યાં છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને વિક્રમી ૧૫૬ બેઠકો મળી હતી. જેમાં કોંગ્રેસ માત્ર ૧૭ બેઠકો પર સિમિત રહી ગઈ હતી. આમ આદમી પાર્ટીને પાંચ બેઠકો પર વિજય થયો હતો. આ ચૂંટણી બાદ આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ રાજીનામું આપી દીધું હતું અને ભાજપમાં જોડાયા હતાં. જો કે હજી વિસાવદર બેઠક પર પેટાચૂંટણી યોજાઈ નથી. ત્યાર બાદ ખંભાતથી ચિરાગ પટેલ, પોરબંદરથી અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી, વિજાપુરથી સી.જે.ચાવડા અને વાઘોડિયા બેઠક પરથી અપક્ષ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ રાજીનામું આપ્યું હતું અને ભાજપમાં જોડાઈ ગયાં હતાં. વિધાનસભામાં ૬ બેઠકો ખાલીપડતાં પેટાચૂંટણી યોજાઈ હતી.

વિધાનસભાની પોરબંદર, વિજાપુર, માણાવદર, ખંભાત અને વાઘોડિયા બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં પોરબંદરથી ભાજપના અર્જુન મોઢવાડિયા ૧૩૩૧૬૩ મત મેળવીને ૧૧૬૮૦૮ મતોની લીડથી ચૂંટણી જીત્યાં છે.વિજાપુર બેઠકની વાત કરીએ તો ભાજપના સી.જે ચાવડાને ૧૦૦૬૪૧ મત મળ્યાં છે. સી.જે. ચાવડા ૫૬૨૨૮ મતે ચૂંટણી જીત્યા હતાં. માણાવદર બેઠક પર ભાજપના અરવિંદ લાડાણીને ૮૨૦૧૭ મત મળ્યા હતાં અને તેઓ ૩૧૦૧૬ મતે ચૂંટણી જીતી ગયાં હતાં. એજ રીતે ખંભાત બેઠક પર ભાજપે કોંગ્રેસના ચિરાગ પટેલને ટીકિટ આપી હતી.ચિરાગ પટેલને ૮૮૪૫૭ મત મળ્યા હતાં. ચિરાગ પટેલ ૩૮૩૨૮ મતની લીડથી ચૂંટણી જીતી ગયાં હતાં. વાઘોડિયા બેઠક પર અપક્ષ તરીકે ચૂંટણી જીતેલા ધર્મેન્દ્રસિંહ વાઘેલા રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતાં. તેઓ આ બેઠક પર ભાજપની ટીકિટ પર ચૂંટણી લડ્યા અને કોંગ્રેસના કનુભાઈ ગોહિલ સામે ૮૨૧૦૮ મતની લીડથી જીતી ગયાં હતાં.

વિધાનસભાની પોરબંદર, વિજાપુર, માણાવદર, ખંભાત અને વાઘોડિયા બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં પોરબંદરથી ભાજપના અર્જુન મોઢવાડિયા ૧૩૩૧૬૩ મત મેળવીને ૧૧૬૮૦૮ મતોની લીડથી ચૂંટણી જીત્યાં છે.વિજાપુર બેઠકની વાત કરીએ તો ભાજપના સી.જે ચાવડાને ૧૦૦૬૪૧ મત મળ્યાં છે. સી.જે. ચાવડા ૫૬૨૨૮ મતે ચૂંટણી જીત્યા હતાં. માણાવદર બેઠક પર ભાજપના અરવિંદ લાડાણીને ૮૨૦૧૭ મત મળ્યા હતાં અને તેઓ ૩૧૦૧૬ મતે ચૂંટણી જીતી ગયાં હતાં. એજ રીતે ખંભાત બેઠક પર ભાજપે કોંગ્રેસના ચિરાગ પટેલને ટીકિટ આપી હતી.ચિરાગ પટેલને ૮૮૪૫૭ મત મળ્યા હતાં. ચિરાગ પટેલ ૩૮૩૨૮ મતની લીડથી ચૂંટણી જીતી ગયાં હતાં. વાઘોડિયા બેઠક પર અપક્ષ તરીકે ચૂંટણી જીતેલા ધર્મેન્દ્રસિંહ વાઘેલા રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતાં. તેઓ આ બેઠક પર ભાજપની ટીકિટ પર ચૂંટણી લડ્યા અને કોંગ્રેસના કનુભાઈ ગોહિલ સામે ૮૨૧૦૮ મતની લીડથી જીતી ગયાં હતાં.

### બીજેપીના નવા અધ્યક્ષ અંગે મોટા સમાચાર

# નવા અધ્યક્ષની નિમણૂંક સુધી જે પી નડ્ડા અધ્યક્ષ તરીકે ચાલુ રહેશે

## વર્ષ ૨૦૨૦માં બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા હતા

નવી દિલ્હી,તા.૧૧

બીજેપીના નવા અધ્યક્ષને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. એમ કહેવાઈ રહ્યું છે કે નવા અધ્યક્ષની નિમણૂંક થાય ત્યાં સુધી જે પી નડ્ડા જ અધ્યક્ષ તરીકે ચાલુ રહેશે. સૂત્રોના જણાવ્યા મુજબ, બીજેપીમાં અધ્યક્ષની ચૂંટણી સપ્ટેમ્બર સુધી થવાની શક્યતા છે. કાર્યકારી અધ્યક્ષની નિમણૂંક સુધી જે પી નડ્ડા પાર્ટી અને મંત્રાલય બંને કામને સાથે-સાથે જોતા રહેશે.

જેપી નડ્ડા ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પછી જાન્યુઆરી ૨૦૨૦માં બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા હતા. ઉલ્લેખનીય છે કે નડ્ડાનો બીજેપીના અધ્યક્ષ તરીકેનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માં પૂરો થઈ ગયો હતો. જોકે લોકસભા ચૂંટણીને જોતા તેમનો કાર્યકાળ જૂન ૨૦૨૪ સુધી વધારવામાં આવ્યો હતો. જોકે હવે ચૂંટણી થઈ ગઈ છે અને નડ્ડાને કેબિનેટમાં જગ્યા પણ આપવામાં આવી છે, એવામાં બીજેપીને નવા અધ્યક્ષ મળવાનું નક્કી માનવામાં આવી રહ્યું છે. આ રેસમાં બીજેપી ઓબીસી મોરચાના ચીફના લક્ષ્મણનું નામ પણ છે. લક્ષ્મણ તેલંગાનાથી આવે છે. તે એ જ રાજ્ય છે, જ્યાં બીજેપી આંધ્ર પ્રદેશ પછી દક્ષિણમાં સૌથી વધુ ધ્યાન આપી રહી છે. બીજેપી અધ્યક્ષની રેસમાં સુનીલ બંસલનું નામ પણ સામેલ છે, જે વર્તમાનમાં મહાસચિવ છે. સાથે જ તે પશ્ચિમ બંગાળ તેલંગાના અને ઓડિશા જેવા ત્રણ રાજ્યમાં ઈન્ચાર્જ પણ છે. એમ કહેવાઈ રહ્યું છે કે રાજસ્થાનથી રાજ્યસભા સભ્ય અને ભૈરોં સિંહ શેખાવતના શિષ્ય ઓમ માથુર પણ બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાની દોડમાં છે. માથુરને ચેહરા પર હાસ્યની સાથે પોતાની વાત કહેવા માટે ઓળખવામાં આવે છે. તે આરએસએસના પ્રચારક રહ્યાં છે અને પીએમ મોદીના ગૃહ રાજ્ય ગુજરાતના પ્રભારી પણ રહી ચુક્યાં છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત વડાપ્રધાન તરીકેના શપથ લીધા બાદ આજે કેબિનેટની પ્રથમ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ આવાસ યોજના અંતર્ગત ૩ કરોડ નવા ઘર બનાવવા અંગેની જાહેરાત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મોદી ૩.૦ કેબિનેટમાં સામેલ કુલ કેબિનેટ મંત્રીઓમાં ૨૫ ભાજપના છે. જ્યારે ૫ મંત્રી પદ સહયોગી પાર્ટીઓને આપવામાં આવ્યા છે. કેબિનેટની મળેલી પ્રથમ બેઠકમાં જ પ્રધાનમંત્રી આવાસ યોજનાને એક્સટેન્ડ કરવામાં આવી હતી. એમ કહેવાઈ રહ્યું છે કે આ યોજના અંતર્ગત નવા ત્રણ કરોડ ઘર બનાવવામાં આવશે. આ પહેલા આ યોજના અંતર્ગત ગામડાઓ અને શહેરોમાં કુલ ૪.૨૧ કરોડ ઘર બનાવવામાં આવ્યા હતા. આજે કેબિનેટની પ્રથમ બેઠક થઈ હતી. તેમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### દેશના રાષ્ટ્રપતિએ આપી માહિતી

# માલાવીના વાઇસ પ્રેસિડેન્ટ સાઉલોસ ચિલિમાનું પ્લેન ક્રેશમાં મૃત્યુ

## વિમાનમાં સવાર તમામ મુસાફરો માર્યા ગયા : સૂત્ર

ફ્રાન્સ,તા.૧૧

ચિલીમા, ૫૧ અને અન્ય નવને લઈ જતું લશ્કરી વિમાન સોમવારે ગાયબ થઈ ગયું હતું, જ્યારે તે ખરાબ હવામાનને કારણે ઉત્તરીય શહેર મઝુઝુમાં ઉતરવામાં નિષ્ફળ ગયું હતું અને તેને રાજધાની લિલોંગવે પરત ફરવાનું કહેવામાં આવ્યું હતું.

માલાવીના વાઈસ પ્રેસિડેન્ટ સાઉલોસ ચિલિમાનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું, દેશના રાષ્ટ્રપતિએ મંગળવારે જણાવ્યું હતું કે, શોધકર્તાઓએ ધુમ્મસવાળા જંગલમાં વિમાનનો કાટમાળ શોધી કાઢ્યો હતો.ચિલીમા, ૫૧ અને અન્ય નવને લઈ જતું લશ્કરી વિમાન સોમવારે ગાયબ થઈ ગયું હતું, જ્યારે તે ખરાબ હવામાનને કારણે ઉત્તરીય શહેર મઝુઝુમાં ઉતરવામાં નિષ્ફળ ગયું હતું અને તેને રાજધાની લિલોંગવે પરત ફરવાનું કહેવામાં આવ્યું હતું.

માલાવીના પ્રમુખ લાઝારસ ચકવેરાએ રાષ્ટ્રને સંબોધતા જણાવ્યું હતું કે, "શોધ અને બચાવ ટીમે વિમાન શોધી કાઢ્યું છે.કોઈ બચી ન હોવાથી સંપૂર્ણપણે નાશ પામ્યું છે, કારણ કે વિમાનમાં સવાર તમામ મુસાફરો માર્યા ગયા હતા."લશ્કરી બચાવ ટીમના સભ્ય દ્વારા છહ્નૅ સાથે શેર કરવામાં આવેલા ફોટોગ્રાફસમાં માલાવી આર્મી એર વિંગ ડોર્નિયર ૨૨૮-૨૦૨દ્ધ એરક્રાફ્ટનો રજીસ્ટ્રેશન નંબર ધરાવતા કાટમાળની નજીક ધુમ્મસવાળા ઢોળાવ પર આર્મીના જવાનો ઉભા છે છે. બચાવકર્તાઓ મંગળવારના રોજ મઝુઝુની દક્ષિણે ધુમ્મસથી ઢંકાયેલા જંગલમાં કોમ્બિંગ કરી રહ્યા હતા, સત્તાવાળાઓએ પ્લેન અદ્રશ્ય થતાં પહેલાં તેને પ્રસારિત કરેલો છેલ્લો ટાવર શોધી કાઢ્યો હતો.

અગાઉ, આર્મી કમાન્ડર જનરલ પોલ વેલેન્ટિનો ફિરીએ જણાવ્યું હતું કે માલાવીના પડોશીઓ સહિત અન્ય દેશો હેલિકોપ્ટર અને ડ્રોન સહિતની સહાયતા સાથે શોધ પ્રયાસમાં મદદ કરી રહ્યા છે.મઝુઝુમાં લગભગ ૩૭૦ કિલોમીટર (૨૩૦ માઈલ) દૂર ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે સોમવારે લિલોંગવેથી સવારે ૯:૦૦ વાગ્યા (૦૭૦૦ ય્સ્) પછી જૂથ પ્રસ્થાન કર્યું હતું.

### મોંઘવારીનો માર

# લોકસભા ચૂંટણી બાદ દેશમાં ડુંગળી-બટાકાના ભાવ આસમાને પહોંચ્યા

## આકરી ગરમીના કારણે પહેલાથી જ લીલી શાકભાજીના ભાવ આસમાને છે આ સાથે જ ડુંગળીની સાથે-સાથે બટાકાના ભાવ પણ વધી રહ્યા છે

નવીદિલ્હી,તા.૧૧

લોકસભા ચૂંટણી સમાપ્ત થઈ ગઈ છે. ભાજપની આગેવાની હેઠળની દ્ગડ્ઢછની કેન્દ્રમાં સરકાર બની ગઈ છે. આ સાથે જ ડુંગળીના ભાવમાં ધરખમ વધારો થયો છે. દિલ્હી-દ્ગઝ્રઇના માર્કેટમાં છેલ્લા એક અઠવાડિયાથી ડુંગળીના ભાવમાં ૫૦%નો વધારો થયો છે. હાલમાં આકરી ગરમીના કારણે પહેલાથી જ લીલી શાકભાજીના ભાવ આસમાને છે. આ સાથે જ ડુંગળીની સાથે-સાથે બટાકાના ભાવ પણ વધી રહ્યા છે. દિલ્હીના બજારમાં એક અઠવાડિયાથી જ ડુંગળી ૫૦% મોંઘી થઈ ગઈ છે. ગત રવિવારે એટલે કે, ૨ જૂન ૨૦૨૪ના રોજ રિટેલ બજારમાં ડુંગળીની કિંમત ૨૫થી ૩૦ રૂપિયા કિલો હતી. ૯ જૂનના રોજ આ જ બજારમાં ડુંગળીની કિંમત ૩૪થી ૪૦ રૂપિયા કિલો થઈ ગઈ. આજે એટલે કે ૧૧ જૂને સારી ડુંગળીની કિંમત ૫૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. એક શાકભાજી વેચનારનું કહેવું છે કે આઝાદપુર માર્કેટમાં જ ડુંગળીની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. રિટેલ માર્કેટમાં તે ઓછામાં ઓછા રૂ. ૫૦ પ્રતિ કિલોના ભાવે તો વેચાશે જ. ડુંગળીની સાથે-સાથે બટાકાના ભાવમાં પણ ઉછાળ આવ્યો છે. હાલમાં ગરમીના કારણે લીલી શાકભાજીની કિંમત આસમાને છે. તેના કારણે ઓછી આવક વાળા લોકો બટાકા પર શિફ્ટ થઈ ગયા છે.

ત્યારે હવે બજારમાં સાધારણ બટાકાની કિંમત ૩૫થી ૪૦ રૂપિયા કિલો સુધી પહોંચી ગઈ છે. જો તમે ચિપ્સોના અથવા પહાડી બટાકા ખરીદવા જશો તો તે ૪૫ રૂપિયા કિલો મળશે. આગામી સોમવારે જ બકરી ઈદ છે. આ તહેવાર દરમિયાન દેશભરમાં ડુંગળીની માગ વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને વેપારી પહેલાથી જ સ્ટોક કરવાનું શરૂ કરી દે છે. દેશમાં ડુંગળીનું સૌથી મોટું માર્કેટ નાસિકની લાસલગામ માર્કેટમાં ગત સોમવારે ડુંગળીનો સરેરાશ જથ્થાબંધ ભાવ ૨૬ રૂપિયા પ્રતિ કિલો હતો, જ્યારે ૨૫ મેના રોજ તે ૧૭ રૂપિયા પ્રતિ કિલો હતો. કુલ કારોબાર માત્રામાં નાનો હિસ્સો ધરાવતી શ્રેષ્ઠ ગુણવત્તાવાળી ડુંગળીની કિંમત ૩૦ રૂપિયાને પાર પહોંચી ગઈ છે. સ્વાભાવિક છે કે, દિલ્હી પહોંચતા તેના પર પ્રતિ કિલો પાંચથી સાત રૂપિયાનો ખર્ચો તો જોડાઈ જ જશે. ૨૦૨૩-૨૪ની રવિ સિઝનમાં ડુંગળીનો પાક ખરાબ થઈ ગયો છે. આ જ કારણોસર માંગ અને પુરવઠા વચ્ચેનું સંતુલન ખોરવાઈ ગયું છે.

જૂનથી બજારોમાં આવતી ડુંગળી સીધી ખેતરોમાંથી આવતી નથી પરંતુ ખેડૂતો અને વેપારીઓ દ્વારા રાખવામાં આવેલા સ્ટોકમાંથી આવે છે. ખેડૂતો આ સમયે તેમનો સ્ટોક ધીમે વેચી રહ્યા છે કારણ કે તેઓને ભાવ વધુ વધવાની અપેક્ષા છે.સરકારે લોક સભા ચૂંટણી પહેલા જ ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી દીધો હતો. જો કે તેની નિકાસ પર ૪૦% નિકાસ જકાત છે. તેના કારણે નિકાસની ગતિ ધીમી છે. વેપારીઓનો દાવો છે કે ૧૭ જૂને આવનારી બકરી ઈદ માટે ડુંગળીની સ્થાનિક માગ મજબૂત છે. હાલમાં મહારાષ્ટ્ર સહિત પશ્ચિમ ભારત, દક્ષિણ ભારત અને પૂર્વ ભારતમાંથી ડુંગળીની ભારે માગ ઉઠી રહી છે. આ સાથે જ બાંગ્લાદેશમાં પણ ડુંગળીનો કન્સાઈનમેન્ટ જઈ રહ્યો છે.

### પીએમ મોદી સિવાય ૭૧ વધુ મંત્રીઓએ શપથ લીધા

# લોકસભા ચૂંટણી બાદ રાજ્યસભાની ૧૦ બેઠકો ખાલી પડી

## આ વખતે ભાજપના અનેક રાજ્યસભા સભ્યો લોકસભાની ચૂંટણી લડ્યા હતા

નવી દિલ્હી,તા.૧૧

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂર્ણ થઈ ગઈ છે. મોદીએ દેશમાં ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા છે. પીએમ મોદી સિવાય ૭૧ વધુ મંત્રીઓએ શપથ લીધા છે. લોકસભા ચૂંટણી બાદ રાજ્યસભાની ૧૦ બેઠકો ખાલી પડી છે. આ વખતે ભાજપના અનેક રાજ્યસભા સભ્યો લોકસભાની ચૂંટણી લડ્યા હતા. ભારતના ચૂંટણી પંચના નિયમો અનુસાર (લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૬૯(૨), ૬૭છ અને ૬૮(૪) હેઠળ), અમુક સભ્યોને રાજ્યસભામાંથી દૂર કરવામાં આવ્યા છે. આ એવા સભ્યો છે જેઓ ૪ જૂન ૨૦૨૪ના રોજ ૧૮મી લોકસભા માટે ચૂંટાયા હતા. ૧૮મી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા બાદ ૧૦ લોકોને રાજ્યસભામાંથી દૂર કરવામાં આવ્યા છે.

૧ કમલાખ પ્રસાદ તાસા (આસામ)
૨ સર્બાનંદ સોનોવાલ (આસામ)
૩ મીશા ભારતી (બિહાર)
૪ વિવેક ઠાકુર (બિહાર)
૫ દીપેન્દ્ર સિંહ હુડ્ડા (હરિયાણા)
૬ જ્યોતિરાદિત્ય માધવરાવ સિંધિયા (મધ્યપ્રદેશ) ૭ છત્રપતિ ઉદયનરાજે ભોસલે (મહારાષ્ટ્ર)
૮ પીયૂષ ગોયલ (મહારાષ્ટ્ર)
૯ ના. સી. વેણુગોપાલ (રાજસ્થાન)
૧૦ બિપ્લબ કુમાર દેબ (ત્રિપુરા)

### બિઝનેસમેન પાસેથી ૧ કરોડની ખંડણી માંગવાનો આરોપ

# સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ વિરુદ્ધ ૧૦ જૂને FIR નોંધવામાં આવી

## ખંડણીની રકમ નહીં ચૂકવે તો વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી

પટના,તા.૧૧

બિહારના પૂર્ણિયાથી નવા ચૂંટાયેલા સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ વિરુદ્ધ ૧૦ જૂને FIR નોંધવામાં આવી છે. FIRમાં પપ્પુ યાદવ પર એક બિઝનેસમેન પાસેથી ૧ કરોડ રૂપિયાની ખંડણી માંગવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ખંડણીની રકમ નહીં ચૂકવે તો વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

આ બાબતે ફરિયાદ કરનાર વેપારી પૂર્ણિયામાં ફર્નિચરનો વ્યવસાય કરે છે. વેપારીએ પોતાની લેખિત અરજીમાં જણાવ્યું છે કે, ૪ જૂને મતગણતરી સમયે પપ્પુ યાદવે તેને પોતાના ઘરે બોલાવ્યો અને ૧ કરોડ રૂપિયા આપવા કહ્યું. જો તે ૧ કરોડ રૂપિયા નહીં આપે તો તેને મારી નાખવામાં આવશે. વેપારીને એમ પણ કહેવામાં આવ્યું હતું કે, જો તે આગામી ૫ વર્ષ સુધી શાંતિથી જીવવા માંગે છે તો તેણે ખંડણી કર ચૂકવવો પડશે. નહીં તો તેણે પૂર્ણિયા છોડી દેવી જોઈએ.પોલીસને ફરિયાદ કરતા વેપારીએ જણાવ્યું કે, ૨ એપ્રિલ, ૨૦૨૧ના રોજ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ દ્વારા તેની પાસેથી ૧૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરવામાં આવી હતી. આ સિવાય બિઝનેસમેને એ પણ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩માં દુર્ગા પૂજા દરમિયાન વોટ્સએપ કોલ પર તેની પાસેથી ૧૫ લાખ રૂપિયા અને બે સોફા સેટની માંગની સાથે-સાથે ધમકીઓ અને અપશબ્દો પણ કરવામાં આવ્યા હતા. ફરિયાદના આધારે, પૂર્ણિયાના મુફસ્સિલ પોલીસ સ્ટેશનમાં સાંસદ પપ્પુ યાદવ અને તેમના નજીકના સાથી અમિત યાદવ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૫/૫૦૪/૫૦૬/૩૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર મામલે સાંસદ પપ્પુ યાદવે પ્રતિક્રિયા આપતાં સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને લખ્યું કે, આજે દેશ અને પ્રદેશની રાજનીતિમાં મારા વધતા જતા પ્રભાવ અને સામાન્ય લોકોના વધતા પ્રેમથી પરેશાન લોકોએ પૂર્ણિયામાં ઘૃણાસ્પદ ષડયંત્ર રચ્યું છે. એક અધિકારી અને વિરોધીઓના આ ષડયંત્રનો પર્દાફાશ થશે. સુપ્રીમ કોર્ટ હેઠળ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને જે પણ દોષિત હોય તેને ફાંસી આપવી જોઈએ.''પપ્પુ યાદવ હાલમાં જ પૂર્ણિયા સીટ પરથી જીતીને સાંસદ બન્યા છે અને સાંસદ બનતાની સાથે જ તેમના પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. પપ્પુ યાદવે પૂર્ણિયાથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી.

જેમાં તેમને ૫.૬૭ લાખથી વધુ વોટ મળ્યા હતા, જ્યારે જેડીયુના ઉમેદવારને ૫.૪૩ લાખ વોટ મળ્યા હતા. આરજેડી તરફથી ચૂંટણી લડી રહેલી બીમા ભારતીને અહીંથી માત્ર ૨૭,૧૨૦ વોટ જ મળ્યા છે.

### ૩૭ કરોડના રોકડ કૌભાંડમાં ફસાયેલા

# મંત્રી આલમગીર આલમે કેબિનેટમાંથી રાજીનામું આપ્યું

## જેલ મેન્યુઅલના કારણે રાજીનામાનો પત્ર શનિવારે મોકલવામાં આવ્યો હતો પરંતુ તે સોમવારે સીએમઓ પહોંચ્યો હતો

નવી દિલ્હી, તા.૧૧

ટેન્ડર કમિશન કૌભાંડમાં જેલમાં બંધ ઝારખંડના મંત્રી આલમગીર આલમે મુખ્યમંત્રી ચંપાઈ સોરેનની કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું છે. તેમના પુત્ર તનવીર આલમે આ વાતની પુષ્ટિ કરી છે.તનવીર આલમે કહ્યું કે તેના પિતાએ શનિવારે રાજીનામું આપી દીધું છે. પરંતુ જેલ મેન્યુઅલના કારણે રાજીનામાનો પત્ર શનિવારે મોકલવામાં આવ્યો હતો પરંતુ તે સોમવારે સીએમઓ પહોંચ્યો હતો. આ પહેલા સીએમ સોરેને તેમની પાસેથી તમામ વિભાગો છીનવી લીધા હતા. તમને જણાવી દઈએ કે આલમગીર આલમની ૧૫ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી.આલમગીર આલમના સેક્રેટરીના નોકરના ઘરેથી ૩૭ કરોડ રૂપિયાથી વધુની રોકડ મળી આવી હતી, આ સંબંધમાં પૂછપરછ બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.મંત્રીના રિમાન્ડની માંગણી કરતી વખતે, ઈડીએ કોર્ટને કહ્યું હતું કે તે જાણવા મળ્યું છે કે જહાંગીર આલમના નામ પર નોંધાયેલા ફ્લેટમાંથી જપ્ત કરાયેલ ૩૨.૨ કરોડ રૂપિયાની રોકડ આલમગીર આલમની છે અને જહાંગીરે સંજીવ કુમાર લાલની સૂચના પર એકત્રિત કરી હતી. આલમગીર આલમ માટે કોણ કરી રહ્યો હતો. ઈડીએ કહ્યું હતું કે ગ્રામીણ વિકાસ વિભાગના મંત્રી આલમગીરના અંગત સચિવ સંજીવ કુમાર લાલ સાથે 'લેટરહેડ' પર ઘણા સત્તાવાર દસ્તાવેજોની હાજરી સાબિત કરે છે કે લાલ આલમગીર સાથે સંબંધિત દસ્તાવેજો, રેકોર્ડ્સ, રોકડ અને અન્ય વસ્તુઓ સ્ટોર કરવા માટે જગ્યાનો ઉપયોગ કરી રહ્યો હતો. રાખવાના હતા.આલમગીર આલમ પાકુર વિધાનસભામાંથી ચાર વખત કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે અને હાલમાં રાજ્ય સરકારમાં સંસદીય બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રી હતા. આ પહેલા આલમગીર આલમ ૨૦ ઓક્ટોબર ૨૦૦૬ થી ૧૨ ડિસેમ્બર ૨૦૦૯ સુધી ઝારખંડ વિધાનસભાના સ્પીકર પણ હતા. રાજકારણનો વારસો મેળવ્યા બાદ, આલમગીરે સરપંચની ચૂંટણી જીતીને રાજકારણમાં પ્રવેશ કર્યો. તેઓ ૨૦૦૦માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા અને ત્યારથી અત્યાર સુધીમાં ૪ વખત ધારાસભ્ય બન્યા છે.૨૦૦૫માં આલમગીર આલમ પાકુરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ઝારખંડ મુક્તિ મોરચાના અકીલ અખ્તરને ૧૮૦૬૬ મતોથી હરાવ્યા. ૨૦૦૯માં જેએમએમના અકીલ અખ્તર ધારાસભ્ય બન્યા હતા. પરંતુ ૨૦૧૪માં અચાનક રાજકીય પરિવર્તન આવ્યું. કોંગ્રેસમાંથી ધારાસભ્ય બનેલા આલમગીર આલમ પછી ઝારખંડ મુક્ત મોરચાની ટિકિટ પર ચૂંટણી લડ્યા અને જીત્યા.

### નેધરલેન્ડના વિપક્ષી નેતા ગીર્ટ વિલ્ડર્સ ભારતના સમર્થનમાં આવ્યા

# 'પાકિસ્તાની આતંકવાદીઓને ભારતમાં પ્રવેશવા ન દો...'

## જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં રવિવારે સાંજે આતંકવાદીઓએ તીર્થયાત્રીઓની બસ પર હુમલો કર્યો હતો

નવી દિલ્હી, તા.૧૧

જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં રવિવારે સાંજે આતંકવાદીઓએ તીર્થયાત્રીઓની બસ પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે જ્યારે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હવે નેધરલેન્ડના જમણેરી નેતા અને સાંસદ ગીર્ટ વિલ્ડર્સે આ ઘટના પર પ્રતિક્રિયા આપી છે.ગીર્ટે રિયાસી હુમલા માટે પાકિસ્તાની આતંકવાદીઓની સીધી નિંદા કરી છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે પાકિસ્તાની આતંકવાદીઓને હિંદુઓને મારવા માટે કાશ્મીર ખીણમાં પ્રવેશવાની મંજૂરી આપવી જોઈએ નહીં. ભારત પોતાના લોકોને બચાવે. ગીર્ટે આ પોસ્ટ સાથે 'હેશટેગ ઓલ આઈઝ ઓન રિયાસી' પણ લખ્યું છે.તમને જણાવી દઈએ કે આ ઘટના જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં રવિવારે સાંજે લગભગ ૬.૧૫ વાગ્યે બની હતી. ઓચિંતો છાપો મારીને બેઠેલા આતંકવાદીઓએ બસ પર ફાયરિંગ કર્યું, જે બાદ બસ કાબૂ બહાર ગઈ અને ઊંડી ખાઈમાં પડી. બસ પર હુમલો કરનાર આતંકવાદીઓ પહાડી વિસ્તારમાં છુપાયેલા છે.આ હુમલાની જવાબદારી લશ્કર સાથે જોડાયેલા આતંકી સંગઠન એ લીધી છે. આ આતંકવાદીઓએ છેલ્લા એક મહિનામાં રાજૌરી અને પુંછમાં અનેક હુમલા કર્યા છે. સૂત્રોનું કહેવું છે કે આ હુમલામાં બેથી ત્રણ આતંકવાદીઓ સામેલ હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર રિયાસીમાં યાત્રાળુઓની બસ પર હુમલો કરનારા આતંકવાદીઓ પાકિસ્તાની હતા. આતંકવાદીઓનું આ એ જ જૂથ છે, જે પીર પંજાલના દક્ષિણમાં છેલ્લા બે વર્ષથી સક્રિય છે.ન્યૂઝ એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર બસમાં મુસાફરી કરી રહેલા એક પીડિતાએ જણાવ્યું કે બસ પર ૨૫થી ૩૦ ગોળીઓ છોડવામાં આવી અને બસ ખાઈમાં પડી ગઈ. જ્યારે બીજા પીડિતાએ કહ્યું કે તેણે લાલ મફલર પહેરેલા માસ્ક પહેરેલા હુમલાખોરને બસ પર ગોળીબાર કરતા જોયો હતો. તેરાયથ હોસ્પિટલમાં દાખલ બનારસના એક ઘાયલ યાત્રીએ કહ્યું કે અમે સાંજે ૪ વાગ્યે જવાના હતા, પરંતુ બસ સાંજે ૫.૩૦ વાગ્યે નીકળી અને અચાનક ફાયરિંગ શરૂ થઈ ગયું.જિલ્લા હોસ્પિટલમાં દાખલ ઉત્તર પ્રદેશના સંતોષ કુમારે કહ્યું કે હું બસ ડ્રાઈવરની બાજુમાં બેઠો હતો અને ગાઢ જંગલોમાંથી એક વાહન નીચે આવી રહ્યું હતું, ત્યારે મેં જોયું કે એક વ્યક્તિ કાળા કપડાથી મોઢુંઅને માથુંઢાંકેલોઅંદર પ્રવેશ્યો હતો. બસ સામે આવી અને અંધાધૂંધ ફાયરિંગ કર્યું.તેમણે કહ્યું કે ફાયરિંગમાં ડ્રાઈવર ઘાયલ થયો હતો અને બસ ખાઈમાં પડી ગઈ હતી. તેમણે કહ્યું કે આતંકવાદીઓ લાંબા સમય સુધી બસ પર ગોળીબાર કરતા રહ્યા. પીડિતાએ જણાવ્યું કે અમે ખાડામાં લાચાર પડી રહ્યા હતા, ત્યારબાદ કેટલાક સ્થાનિક લોકો ત્યાં પહોંચ્યા અને અમારી મદદ કરી. બાદમાં કેટલાક પોલીસકર્મીઓ પણ ત્યાં પહોંચી ગયા હતા.

### દેશી ગાયના છાણ અને ગૌમુત્ર થકી

# પ્રકૃતિના મૂળભૂત સિધ્ધાંતો આધારિત, ઓછા ખર્ચે થતી ખેતી

## પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભ વિશે જાણવા જેવુ

અમરેલી તા.૧૦ જુન, ૨૦૨૩ (સોમવાર) વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્નના પગલે આઝાદી અમૃત મહોત્સવ અંતર્ગત દેશમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ છે. રાજયમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવા માટે વિશેષ અભિયાન અપનાવવામાં આવ્યુ છે. ત્યારે અમરેલી જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલનતે બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહયો છે.

જિલ્લામાં પ્રાકૃતિક ખેતી વધુમાં વધુ ખેડૂતો સુધી પહોંચે તે માટે પ્રાકૃતિક ખેતીના પ્રચાર–પ્રસારના ભાગરૂપે ખેડૂતો સુધી તે ખેતી વિષયક જાણકારી પહોંચાડવામાંઆવીરહીછે. પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિકના મૂળ ભૂત સિધ્ધાંતો આધારિત દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી, પાકની વૃધ્ધિ માટે જરૂરી ઈનપુટ (ખેત સામગ્રી) બહારની ન લેતા, પ્રાકૃતિક સામગ્રી દ્વારા જ જાતે ખેડૂત પોતે તે બનાવી શકે છે. પ્રાકૃતિક ખેતીનાં મુખ્ય પાંચ આધાર સ્થંભ છે, જેમાં જીવામૃત, આચ્છાદન, વાફસા(ભેજ) અને જંતુનાશક અસ્ત્રોનો સમાવેશ થાય છે.

પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે ખેડૂતોએ સૌપ્રથમ પોતાની ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કરવો જોઈએ. ત્યારબાદ દેશી ગાયના ગૌમૂત્ર અને છાણમાંથી તૈયાર કરેલા જીવામૃત/ધનજીવામૃતનો ઉપયોગ કરી જમીન તૈયાર કરવી જોઈએ. ત્યારબાદ વાવેતર વખતે પાકના બિયારણને બીજામૃતનો પટ આપી વાવેતર કરવુ જોઈએ. પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્થંભ મુજબ ખેતી કરવાથી સારા પરિણામો પ્રાપ્ત થાય છે.રાસાયણિક ખાતર બદલે જીવામૃતઃ ખેડુતોએ આ પધ્ધતિ દ્વારા ખેતી કરતી વેળાએ રાસાયાણિક ખાતરને બદલે જીવામૃત વાપરવુ જોઈએ. આ જીવામૃત તૈયાર કરવા માટે ૧૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર+ ૧૦ કિ.ગ્રા દેશી ગાયનુ તાજુ છાણ, + ૧ મુઠી ઝાડ નીચે પડેલા શેઢા પાળાવાડની માટી + ૧ કિ.ગ્રા દેશી ગોળ + ૧ કિ.ગ્રા ચણા કે કોઈ પણ દાળના લોટનું મિશ્રણ તૈયાર કરવુ. આ મિશ્રણને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી અને મિશ્રણ મિક્ષ કરવુ. ત્યારબાદ ડ્રમને કંતાનના કોથળાથ ઢાંકવુ અને છાંયડે રાખવુ અને લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર–સાંજ ૦૫–૦૫ મિનિટ સુધી હલાવવુ. ઉનાળામાં બે–ત્રણ દિવસમાં અને શિયાળામાં એક અઠવાડિયામાં આવી રીતે જીવામૃત બની જશે. જીવામૃત તૈયાર પછી ૧૫ દિવસ તેનો ઉપયોગ કરી શકાય છે.વાપરવાની રીતઃ આ જીવામૃતને એક એકર માટે ૨૦૦ લિટર ગાળીને પિયતના પાણી સાજે અથવા ડ્રીપ સાજે મુખ્ય પાકની હારમાં આપવુ અને ઉભા પાક પર તેનો છંટકાવ કરવો. ઘન જીવામૃત તૈયાર કરવાની રીતઃ ઘન ૨૦૦ કિ.ગ્રા સખત તાપમાં સુકવેલ, ચાળણીથી ચાળેલા દેશ ગાયના છાણના પાવડરને ૨૦ લીટર જીવામૃત સાથે ભેળવવુ. ત્યારબાદ ૪૮ કલાક માટે છાંયો હોય ત્યાં ઢગલો કરી અને ત્યારબાદ પાતળુ સ્તરી કરી સૂકવવુ. આ સ્તરને દિવસમાં ૨–૩ વાર ઉપર નીચે કરવુ. સુકાઈ જાય ત્યારબાદ તેના ગાંગડાનો ભુકકો કરી એક વર્ષ સુધી તે વાપરી શકાય છે. વાપરવાની રીતઃ ઘન જીવામૃત જમીનમાં અંતિમ ખેડાણ પહેલા પ્રતિ એકર ૨૦૦ કિ.ગ્રા અને કુલ અવસ્થાએ પ્રતિ એકર ૧૦૦ કિ.ગ્રા આપવુ.

ફાયદાઃ જીવામૃત આપવાથી જમીનમાં સુક્ષ્મ જીવાણુની સંખ્યામુ ઝડપથી વધારો થાય છે. અને ભેજનુ નિર્માણ ઝડપી બને છે. તેમજ તે સુષુપ્ત અળસિયાને સક્રિય કરી અ અને અલભ્ય પોષક તત્વોને લભ્ય બનાવી છોડને મૂળને પ્રાપ્ત કરાવે છે. આનાથી છોડને રોગ પ્રતિકારક શકિત વધે છે. અને નાઈટ્રોજનની ઉપબ્ધિ વધે છે.

ગુજરાતની રાજયની ખેતીની જમીનમાં ઓર્ગેનિક કાર્બન, નાઈટ્રોજન, ઝીંક સલ્ફર, વગેરે પોષક તત્વોની મોટી ઉણપ હોવાથી કોઈ પ્રકારની ખેતી પ્રવૃતિમાં કૃષિ પધ્ધતિથી તૈયાર કરાયેલ જીવામૃત/ધનજીવામૃતનો ઉપયોગ કરવો જોઈએ. આવુ કરવાથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટે છે અને જમીનની ફળદ્રુપતા અને પોષક તત્વોની ઉપલબ્ધિ વધે છે.

પ્રાકૃતિક ખેતી દ્વારા જીમનની ભેજ સંગ્રહની ક્ષમતા વધે છે. અને ઉત્પાદનમાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમુત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. પાણી બચત સાથે પર્યાવરણ અને માનવી સ્વાસ્થયનું રક્ષણ થાય છે.

વધુમાં ખેડુતો માટે જીવાત નિયંત્રણ કરવા પણ આવી જ પ્રાકૃતિક રીતે નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, બ્રહ્માસ્ત્ર તૈયાર કરવા આવી છે. દશપર્ણી અર્ક, ખાટી છાશનો ઉપયોગ પણ ફુગનાશક તરીકે થાય છે. આ ઉપરાંત ફુગનાશકો તરીકે બીજામૃત અને સુંઠાસ્ત્ર તૈયાર કરવામાં આવે છે.

**જીવાત નિયંત્રણ માટે**

૧) નિમાસ્ત્રઃ ૨૦૦ લિટર પાણી + ૧૦ લિટર દેશી ગાયનુ ગૌમુત્ર + ૨ કિલોગ્રામ દેશી ગાયનુ છાણ + ૧૦ કિગ્રા કડવા લીમડાના નાના પાંદડા, કુમળી ડાળીઓ અથવા ૨૦થી ૩૦ કિલો લીંબોડી ખાંડીને આ મિશ્રણને કોથળાથી ઢાંકી ૪૮ કલાક છાયડામાં રાખી સાવર સાંજ ૫–૫ મિનિટ માટે ઘડિયાળાના કાંટાની દિશામાં હલાવવુ ત્યારબાદ કપડાથી ગાળીને ઉપયોગમાં લઈ શકાય.

છંટકાવઃ પ્રતિ એકર ૨૦૦ લીટર ફકત નિમાસ્ત્ર, પાણી ભેળવવાનુ નથી, પાળી ભેળવ્યા વગર સીધો જ છંટકાવ કરવો.

૨) બ્રહ્માસ્ત્રઃ ૨૦ લીટર દેશી ગાયનું ગૌમુત્ર + ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી + ૨ કિલોગ્રામ ધતુરાના પાનની ચટણી + ૨ કિલોગ્રામ બીલીપત્રના પાનની ચટણી આ પૈકી કોઈપણ પાંચ જાતની ચટણી લઈ આ મિશ્રણને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવી ત્યાં સુધી ગરમ કરીને ઠંડુ પડવા દેવુ.ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર–સાંજ ૫–૫ મિનિટ ઘડિયાળના કાંટાની દિશામાં લઈ શકાય.

સંગ્રહ ક્ષમતાઃ ૦૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.છંટકાવઉઃપ્રતિ એકર ૧૦૦થી ૨૦૦ લીટર પાણી+૬થી ૮ લીટર તાઃ ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય. ૩) અગ્નિઅસ્ત્રઃ ૨૦ લીટર દેશી ગાયનુ ગૌમુત્ર + ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી + ૫૦૦ ગ્રામ તીખા મરચા ચટણી + ૨૫૦ ગ્રામ દેશી લસણની ચટણી ૫૦૦ ગ્રામ તમાકુનો પાવડર + ૫૦૦ ગ્રામ આદુની ચટણી, આ મિશ્રણને ઓગાળીને ઢાંકી ધીમા તાપે એક ઉભરો ભાવે ત્યાં સુધી ગરમ કરી ઠંડુ પડવા દેવુ ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર–સાંજ ૫–૫ મિનિટ માટે ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવુ પછી કપડાથી ગાળીને ઉપયોગ કરવો. સંગ્રહ ક્ષમતાઃ ૩ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય છંટકાવઃ પ્રતિ એકર ૧૦૦થી ૨૦૦ લીટર પાણી+૧ની ૮ લીટર અગ્નિઅસ્ત્રનો છંટકાવ કરવો.

૪) દશપર્ણી અર્ક (બધા જ પ્રકારની જીવાત અને ફુગના નિયંત્રણ માટે સર્વોતમ) બનાવવાની રીતઃ પ્રથમ દિવસ : ૨૦ લીટર ગૌમુત્ર તેમજ ૨ કિ.ગ્રા તાજા છાણને ૨૦૦ લીટર પાણીમાં નાખી લાકડીથી બે કલાક છાંયડામાં કોથળાથી ઢાંકવુ. આ મિશ્રણમાં ૫૦૦ ગ્રામ હળદરની પાઉડર અને ૫૦૦ ગ્રામ આદુની ચટણી તથા ૧૦ ગ્રામ હીંગનો પાઉડર નાખી આ મિશ્રણને હલાવીને આખી રાત કોથળાથી ઢાંકવુ.

બીજો દિવસઃ ઉપરોકત મિશ્રમાં સવારે ૧થી ૨ કિલો તીખા મરચાની ચટણી, ૫૦૦ ગ્રામ દેશી લસણની ચટણી, ૧ કિલોગ્રામ તમાકુનો પાવડર નાખી લાકડીથી હલાવો અને આ મિશ્રણને કોથળાથી ઢાંકી દો.

ત્રીજો દિવસઃ (અ) કડવા લીમડના પાન સાથેની ડાળીઓની ચટણી, કરંજ, સિતાફળ, ધતુરો, એરંડા અને બિલિપત્ર આ ઉપરાંત (બ) નગોડા, તુલસીની માંજર સાથેના પાન અને ડાળીઓ, ગલગોટાના પંચાગ, કારેલા, બાવળના પૈડીયા, આંકડ, આંબા, જાસુદ, જામફળ, પપૈય, હળદર, આદુ, કરેણ, દેશી રામ બાવળ, બોરડી, કુંવાડીયો, સરગવો, અર્જુન સાદડ, ઘા બાજરીયુ (હાંડવેલ) અને ગળોની વેલના પાંદડા ઉપરોકત 'અ' માંથી કોઈપણ પાંચ અને 'બ' માંથી કોઈપણ પાંચ એમ કુલ દશ વનસ્પતિનાં પાંદડા દરેક વનસ્પતિના ૨ કિલોગ્રામ એટલે કે ૨૦ કિલોગ્રામ પાનની ચટણી બનાવી તેને બીજા દિવસે બનાવેલ મિશ્રણમાં ડુબાડો અને ત્રીસથી ચાલીસ દિવસ વરસાદ અને સૂર્યના તાપથી દુર રાખીને રોજ ૫–૫ મિનિટ દિવસમાં બરોબર હલાવો.ઉપયોગઃ ૧૦૦થી ૨૦૦ લીટર પાણીમાં ૬થી ૮ લીટર દશપર્ણી અર્ક નાંખી તેને હલાવી સ્થિર થાય ત્યો કપડાથી ગાળીને એક એકરમાં છંટકાવ કરવો. આ દશપર્ણી અર્ક છ મહિના સુધી વાપરી શકાય છે.

ખાટી છાશઃ સાતથી દશ દિવસની ૧૦ લીટર ખાટી છાશને ૨૦૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો, ખાટી છાશ એ ફુગનાશ, વિષાણુ નાશક, સંજીવક અને પ્રતિકારક શકિતમાં વધારો કરનાર છે.

(૫) ફુગનાશકો બીજામૃતઃ ૫ લીટર દેશી ગાયનું ગૌમુત્ર ૫ કિલોગ્રામ દેશી ગાયનુ છાણ ૫૦ ગ્રામ ચુનો ૧ મુઠી ઝાડ નીચેની માટીને ૨૦ લીટર પાણીમાં મિશ્રણ કરી ૧૦૦ કિલોગ્રામ બિયારણને ઘટ આપવા માટે ૨૪ કલાક બાદ ઉપયોગમાં લો.સુઠાસ્ત્રઃ ૨૦૦ ગ્રામ સુંઠ અથવા વાવડીંગ પાઉડરને ૦૨ લીટર પાણીમાં એટલુ ઉકાળો કે અડધુ થયા બાદ ઠંડુ પાડો, બીજા વાસણમાં ૨ લીટર દૂધને ધીમા તાપે ઉકાળી મલાઈ કાઢી નાખવી. ૨૦૦ લીટર પાણીમાં ઉપરનો ઉકાળો અને દૂધ મીક્ષ કરી ૨ કલાક બાદ છોડ પર ઉપયોગ કરો.ખેડુતોને જિલ્લામાં પ્રાકૃતિક ખેતી અંગે તમામ પ્રકારનું માર્ગદર્શન પ્રોજેકટ ડાયરેકટશ્રી (આત્મા), આત્માની કચેરી, ખેડુત તાલીમ કેન્દ્ર, ચકકરગઢ રોડ, પટેલ સંકુલની બાજુમાં, અમરેલી પીન ૩૬૫૬૦૧ ખાતેથી મળી શકે છે. ખેડુતો કચેરીના સમય દરમિયાન ફોન નં.૦૨૭૯૨ ૨૨૦૫૬૨ પરથી માહિતી મેળવી શકે છે.

### શાહબાઝ શરીફે લખ્યો આ મેસેજ

# પીએમ મોદીના શપથ પર પાકિસ્તાન તરફથી આવ્યા અભિનંદન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત પીએમ પદના શપથ લીધા છે, તેમણે રાષ્ટ્રપતિ ભવનમાં તેમના નવા કેબિનેટ સાથે શપથ લીધા

નવી દિલ્હી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સમગ્ર કેબિનેટની સાથે પદના શપથ લીધા હતા. ૪ જૂને લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા ત્યારથી દેશ અને દુનિયાના નેતાઓ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની જીત પર અભિનંદન પાઠવી રહ્યા છે. હવે આ દરમિયાન પાડોશી દેશ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા છે.પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પીએમ મોદીને અભિનંદન આપ્યા છે કે નરેન્દ્ર મોદીને ભારતના વડાપ્રધાન તરીકે શપથ લેવા બદલ અભિનંદન.સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લઈને પીએમ મોદીએ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. અત્યાર સુધી જવાહરલાલ નેહરુ એકમાત્ર એવા વડાપ્રધાન હતા જેઓ સતત ત્રણ વખત સત્તા પર આવ્યા હતા.વિશ્વભરના દેશોના વડાઓએ મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ તેમને અભિનંદન આપતા કહ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણીમાં સતત ત્રીજી વખત સફળ થવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અને એનડીએને અભિનંદન. તેમણે કહ્યું હતું કે હું બંને દેશોની સમાન સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવા આતુર છું.ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા અને નવી ચૂંટણીની જીત અને સારા કામ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તે નિશ્ચિત છે કે અમે ઈટાલી અને ભારતને એક કરતી મિત્રતાને મજબૂત કરવા અને અમારા રાષ્ટ્રો અને અમારા લોકોની સુખાકારી સાથે સંબંધિત મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીશું.ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ કહ્યું હતું કે તેઓ ભારત સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા આતુર છે. તેમણે કહ્યું કે વિશ્વની સૌથી મોટી ચૂંટણીમાં ઐતિહાસિક જીત હાંસલ કરવા બદલ મારા મિત્ર વડાપ્રધાન મોદી અને દ્રઢછને અભિનંદન. તે ભારતને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યો છે.શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે એનડીએની જીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રગતિ અને સમૃદ્ધિમાં ભારતીય લોકોનો વિશ્વાસ દર્શાવ્યો છે. શ્રીલંકા, તેના સૌથી નજીકના પાડોશી તરીકે, ભારત સાથે તેની ભાગીદારીને વધુ મજબૂત કરવા આતુર છે.તમને જણાવી દઈએ કે ભાજપે લોકસભા ચૂંટણીમાં ૨૪૦ સીટો જીતી છે. જ્યારે દ્રઢછને ૨૯૨ બેઠકો મળી છે. ૨૦૧૯ની સરખામણીમાં આ વખતે દ્રઢછને ઘણું નુકસાન થયું છે. છેલ્લી ચૂંટણીમાં એનડીએને ૩૫૦થી વધુ બેઠકો મળી હતી. ત્યારે ભાજપે પોતાના દમ પર ૩૦૩ બેઠકો જીતી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત પીએમ પદના શપથ લીધા છે. તેમણે રાષ્ટ્રપતિ ભવનમાં તેમના નવા કેબિનેટ સાથે શપથ લીધા. મોદી સરકાર ૩.૦માં કુલ મંત્રીઓની સંખ્યા ૭૨ છે, જેમાંથી ૩૦ મંત્રીઓ કેબિનેટનો ભાગ હશે. આ સિવાય ૫ મંત્રીઓને સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો છે. સાથે જ ૩૬ સાંસદોને રાજ્યકક્ષાનું મંત્રી પદ આપવામાં આવ્યું છે. મોદી કેબિનેટ ૩.૦માં આવા ઘણા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેઓ મોદી સરકાર ૨.૦માં પણ મંત્રી હતા.

### કર્ણાટકમાં કોંગ્રેસ ૧૯ બેઠકો ગુમાવ્યા બાદ

# ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે કહ્યું હતું કે 'ચૂંટણીના પરિણામો એલાર્મ બેલ છે'

## કોંગ્રેસ શાસિત કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ કર્ણાટકમાં કોંગ્રેસના પ્રદર્શન પર અસંતોષ વ્યક્ત કર્યો છે

નવી દિલ્હી, તા.૧૧

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકે એનડીએને સખત ટક્કર આપી છે. જ્યારે યુપીમાં, વિપક્ષી ગઠબંધન ૮૦ માંથી ૪૩ બેઠકો જીતવામાં સફળ રહ્યું છે, રાજસ્થાનમાં પણ, ભારતીય બ્લોકે ૨૫માંથી ૧૧ બેઠકો જીતી છે, જેના કારણે ભાજપને નુકસાન થયું છે.છેલ્લી લોકસભા ચૂંટણી (૨૦૧૯)ની તુલનામાં, કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ભારતીય બ્લોકને વધુ બેઠકો મળી છે. હજુ પણ ઘણા રાજ્યોમાં કોંગ્રેસ અપેક્ષા મુજબની સફળતા મેળવી શકી નથી. કોંગ્રેસ શાસિત કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ કર્ણાટકમાં કોંગ્રેસના પ્રદર્શન પર અસંતોષ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું છે કે કર્ણાટકના ચૂંટણી પરિણામો એલાર્મ બેલ છે અને તેમાં સુધારાની જરૂર છે.કુમારકૃપા ખાતેના તેમના નિવાસસ્થાને ડીકે શિવકુમારે કહ્યું, 'તમામ નેતાઓ સાથે સમીક્ષા બેઠક યોજાશે. આ આત્મનિરીક્ષણ કરવાનો અને જરૂરી સુધારા કરવાનો સમય છે. હાલમાં બેંગલુરુ મતવિસ્તાર માટે સમીક્ષા બેઠક યોજાઈ રહી છે. રાજ્યના અન્ય મતવિસ્તારોમાં પણ આવી જ સમીક્ષા બેઠકોનું આયોજન કરવામાં આવશે. અમે ટૂંક સમયમાં આ સમીક્ષા બેઠકોની તારીખો જાહેર કરીશું.જ્યારે ડીકે શિવકુમારને કોંગ્રેસ અધ્યક્ષ દ્વારા કર્ણાટક અને હિમાચલ પ્રદેશના પરિણામો પર નારાજગી વ્યક્ત કરવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું, 'અમને ૧૪-૧૫ બેઠકો જીતવાનો વિશ્વાસ હતો, પરંતુ અમે આ સંખ્યા હાંસલ કરવામાં નિષ્ફળ ગયા. જનતાનો નિર્ણય આપણે સ્વીકારવો પડશે. પાટીના નેતાઓના ગામો-શહેરોમાં પણ અમને મત મળ્યા નથી, અમે આ અંગે વિચારણા કરીશું.ધારાસભ્ય બસવરાજ શિવગંગાના નિવેદનને ટાંકીને તેમણે કહ્યું, 'ધારાસભ્યોએ બિનજરૂરી રીતે જાહેર નિવેદનો ન આપવા જોઈએ. તેમણે પાટી કાર્યકર્તાઓ સાથે બેસીને સમસ્યા અંગે ચર્ચા કરવી જોઈએ.

### વડાપ્રધાનનો તેમના સમર્થકોને મહત્વનો સંદેશ

# સો.મીડિયા પ્રોફાઇલમાંથી 'મોદી કા પરિવાર'ને હટાવો

## પીએમ મોદીએ તેમના સમર્થકોને તેમની સોશિયલ મીડિયા પ્રોફાઇલમાંથી 'મોદી કા પરિવાર'ને હટાવવાની અપીલ કરી છે

નવીદિલ્હી, તા.૧૧

લોકસભા ચૂંટણી ૨૦૨૪ બાદ નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત ભારતના વડાપ્રધાન તરીકે શપથ લીધા છે. પીએમ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએ લોકસભાની ૫૪૩માંથી ૨૪૦ બેઠકો જીતી છે. તે જ સમયે, ભાજપની આગેવાની હેઠળના એનડીએ ગઠબંધનને દેશભરમાં કુલ ૨૯૩ બેઠકો મળી છે. પીએમ મોદીએ આ જીત માટે ફરી એકવાર જનતા અને તેમના સમર્થકોનો આભાર માન્યો છે. આ સાથે પીએમ મોદીએ તેમના સમર્થકોને તેમની સોશિયલ મીડિયા પ્રોફાઈલમાંથી 'મોદી કા પરિવાર'ને હટાવવાની અપીલ કરી છે. ચાલો જાણીએ પીએમ મોદીએ આવું કેમ કહ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંદેશમાં 'મોદી કા પરિવાર' અભિયાનની પ્રશંસા કરી છે. પીએમ મોદીએ કહ્યું કે ચૂંટણી પ્રચાર દરમિયાન ભારતભરના લોકોએ તેમના પ્રત્યેના સ્નેહના પ્રતીક તરીકે તેમના સોશિયલ મીડિયા પર 'મોદી કા પરિવાર' ઉમેર્યું. આનાથી મને ઘણી શક્તિ મળી. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે ભારતની જનતાએ સતત ત્રીજી વખત એનડીએને બહુમતી આપી છે, જે એક પ્રકારનો રેકોર્ડ છે અને અમને દેશની ભલાઈ માટે કામ કરતા રહેવાનો આદેશ આપ્યો છે.ટ્વિટર પર જાહેર કરાયેલા સંદેશમાં પીએમ મોદીએ કહ્યું કે આપણે બધાએ એક પરિવાર હોવાનો સંદેશ આપ્યો છે. પીએમએ આ માટે લોકોનો આભાર માન્યો અને વિનંતી કરી કે હવે લોકોએ તેમની સોશિયલ મીડિયા પ્રોફાઈલમાંથી 'મોદી કા પરિવાર'ને હટાવી દેવો જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે પ્રદર્શનનું નામ ભલે બદલાય પરંતુ ભારતની પ્રગતિ માટે પ્રયત્નશીલ પરિવાર તરીકે અમારું બંધન મજબૂત અને અતૂટ છે.

### વાવ વિધાનસભા બેઠક ખાલી થવાને લઈ પેટાચૂંટણી યોજાશે

# ગેનીબેન ઠાકોર વાવના ધારાસભ્ય પદેથી ૧૩ જુને આપશે રાજીનામુ

## આ માટે તેઓ સવારે ૧૧ કલાકે વિધાનસભાના અધ્યક્ષને રાજીનામું સોંપવા માટે પહોંચશે

બનાસકાંઠા, તા.૧૧

બનાસકાંઠાના વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી યોજાશે. વાવના વર્તમાન ધારાસાભ્ય ગેનીબેન ઠાકોર લોકસભાની સામાન્ય ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટાયા છે. ગેનીબેન ઠાકોર હવે બનાસકાંઠાના સાંસદ બન્યા બાદ હવે ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપશે. ગેનીબેન ઠાકોર વાવના ધારાસભ્ય પદ પરથી આગામી ગુરુવારે એટલે કે ૧૩ જુને વિધાનસભાના અધ્યક્ષને પોતાનું રાજીનામુ ધરશે. આ માટે તેઓ સવારે ૧૧ કલાકે વિધાનસભાના અધ્યક્ષને રાજીનામું સોંપવા માટે પહોંચશે.

આમ હવે વાવ વિધાનસભા બેઠક ખાલી થવાને લઈ પેટાચૂંટણી યોજાશે. આમ હવે વાવ બેઠક પરથી વર્ષ ૨૦૨૨ ની વિધાનસભાની સામાન્ય ચૂંટણી વખતે ગેનીબેન ઠાકોર કોંગ્રેસના ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

ત્યાર બાદ તેઓને ૨૦૨૪માં લોકસભાના ઉમેદવાર તરીકે કોંગ્રેસે જાહેર કર્યા હતા.

# બાબરાના વાંકીયા ગામે તા. ૧૫ જૂન, સુધી ફાયરિંગ પ્રેક્ટિસ ફાયરિંગ બટની ચારે તરફ ૧૦૦ મીટર વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ

અમરેલી, તા.૧૧

બાબરા તાલુકાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટ ખાતે તા.૧૫ જૂન, ૨૦૨૪ સુધી અમરેલી જિલ્લા ખાતે રાજય અનામત પોલીસ દળ જૂથ, ૦૮ ગોંડલ યુનિટની એક્ટિવ કંપનીઓના અધિકારીઓ જવાનો દ્વારા ફાયરિંગ પ્રેક્ટિસ કરવામાં આવશે. આ સ્થિતિમાં ફાયરિંગ પ્રેક્ટિસના સમયગાળા દરમિયાન તકેદારીના ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ– ૩૩(૧) (બી) હેઠળ અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ દ્વારા આદેશ બહાર પાડ્યો છે. તા.૧૫ જૂન, ૨૦૨૪ સુધી ફાયરિંગ બટ માટે મુકરર થયેલી બાબરા તાલુકાના વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં ૬૦૧, હે.૩–૮૮– ૬૩ચો.મી વાળી જગ્યા ફાયરિંગ બટ માટેની મુકરર જગ્યાને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નક્કી છે તે મુજબ તે જગ્યાની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી રાહદારીઓ ની અવર જવર પર પ્રવેશબંધી છે. આ હુકમનો ભંગ કરનાર વિઢદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થશે.

# અમરેલી જિલ્લા વકીલ મંડળ દ્વારા "સ્નેહોત્સવ" કાર્યક્રમ યોજાયો




અમરેલી ખાતે વકીલ મંડળ ધ્વારા સ્નહેત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ શ્રી આર.વી. બુખારી, પ્રિન્સિપાલ ફેમીલ જજ શ્રી એમ.એસ. સોની, એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ શ્રી સચીન સુભાષચંદ્ર શેથી, બીજા એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ શ્રી ડી.સી. ત્રિવેદી, ચોથા એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવ, પ્રિન્સિપાલ સિનીયર જજ એમ.જે. સૈયદ, ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી એન.જે. નાયી, બીજા એડિશ્નલ સિનીયર સિવિલ જજ શ્રી ડી.પી. ઓઝા, ત્રીજા એડિશ્નલ સિનીયર સિવિલ જજ કે.એમ. વ્યાસ, ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી આર.વાય. ત્રિવેદી, પ્રિન્સિપાલ સિનીયર સિવિલ જજ શ્રી એસ.આર. સીંગ, પ્રિન્સિપાલ સિનીયર સિવિલ જજ શ્રી એ.એચ. ત્રિવેદી, એડિશ્નલ સિવિલ જજ શ્રી કે.બી. પરમાર, બીજા એડિશ્નલ સિવિલ જજ શ્રી ડી.બી. ગઢવી, પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી એમ.એ. મલેક, પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી ડી.જે. દોષી અને પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી એમ.એમ. ગાંધી ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં વકીલ મંડળનાં પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, કારોબારી સભ્યો, જિલ્લા મુખ્ય સરકારી વકીલ તથા તેમની ટીમ તેમજ વકીલ મંડળનાં સિનીયર એડવોકેટ અને જુનિયર એડવોકેટ ધ્વારા તમામ જજશ્રીઓને વેલકમ કરવામાં આવેલ.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાનાં તાલુકા સ્વાગત કાર્યક્રમ

નિયામક, બાબરા–પ્રાંત અધિકારી લાઠી, ખાંભા–પ્રાંત અધિકારી ધારી, લીલીયા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, જાફરાબાદ–પ્રાંત અધિકારી રાજુલા, વડીયા–પ્રાંત અધિકારી બગસરા, રાજુલા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાશે.

**જુલાઈ–૨૦૨૪ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ બગસરા–જિલ્લા કલેકટર, બાબરા–જિલ્લા વિકાસ અધિકારી, ખાંભા–જિલ્લા પોલીસ અધિક્ષક, વડીયા–જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિયામક, અમરેલી–અમરેલી પ્રાંત અધિકારી, લાઠી– પ્રાંત અધિકારી લાઠી, ધારી– પ્રાંત અધિકારી ધારી, સાવરકુંડલા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, રાજુલા– પ્રાંત અધિકારી રાજુલા, જાફરાબાદ–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), લીલીયા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાશે.

**ઓગષ્ટ–૨૦૨૪ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ લાઠી–જિલ્લા કલેકટર, સાવરકુંડલા–જિલ્લા વિકાસ અધિકારી, અમરેલી–જિલ્લા પોલીસ અધિક્ષક, ધારી–જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિયામક, બાબરા–પ્રાંત અધિકારી લાઠી, ખાંભા–પ્રાંત અધિકારી ધારી, લીલીયા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, જાફરાબાદ–પ્રાંત અધિકારી રાજુલા, બગસરા–પ્રાંત અધિકારી બગસરા, રાજુલા–જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), વડીયા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને યોજાશે.

**સપ્ટેમ્બર–૨૦૨૪ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ ધારી–જિલ્લા કલેકટર, ખાંભા–જિલ્લા વિકાસ અધિકારી, જાફરાબાદ–જિલ્લા પોલીસ અધિક્ષક, લાઠી–જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિયામક , અમરેલી–પ્રાંત અધિકારી અમરેલી, લાઠી–પ્રાંત અધિકારી લાઠી, સાવરકુંડલા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, રાજુલા–પ્રાંત અધિકારી રાજુલા, વડીયા–પ્રાંત અધિકારી બગસરા, લીલીયા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), બગસરા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને યોજાશે.

**ઓકટોબર–૨૦૨૪ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ રાજુલા–જિલ્લા કલેકટર, જાફરાબાદ–જિલ્લા વિકાસ અધિકારી, વડીયા–જિલ્લા પોલીસ અધિક્ષક, ખાંભા–જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિયામક, અમરેલી–પ્રાંત અધિકારી અમરેલી, બાબરા–પ્રાંત અધિકારી લાઠી, ધારી–પ્રાંત અધિકારી ધારી, લીલીયા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, બગસરા–પ્રાંત અધિકારી બગસરા, સાવરકુંડલા–નાયબ જિલ્લા વિકાસઅધિકારી (મહેસુલ), લાઠી–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને યોજાશે.

**નવેમ્બર–૨૦૨૪ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ વડીયા–જિલ્લા કલેકટર, અમરેલી–જિલ્લા વિકાસ અધિકારી, રાજુલા–જિલ્લા પોલીસ અધિક્ષક, ખાંભા લીલીયા–જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિયામક , લાઠી–પ્રાંત અધિકારી લાઠી, ખાંભા–પ્રાંત અધિકારી ધારી, સાવરકુંડલા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, જાફરાબાદ–પ્રાંત અધિકારી રાજુલા, બગસરા–પ્રાંત અધિકારી બગસરા, બાબરા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), ધારી–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)નાઅધ્યક્ષસ્થાનેયોજાશે.

**ડિસેમ્બર–૨૦૨૪ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ જાફરાબાદ– જિલ્લા કલેકટર, રાજુલા–જિલ્લાવિકાસઅધિકારી, બગસરા–જિલ્લા પોલીસ અધિક્ષક, સાવરકુંડલા–જિલ્લાગ્રામવિકાસએજન્સી, નિયામક , અમરેલી–પ્રાંતઅધિકારી અમરેલી, લાઠી–પ્રાંત અધિકારી લાઠી, ધારી–પ્રાંતઅધિકારીધારી, લીલીયા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, વડીયા–પ્રાંત અધિકારીબગસરા, ખાંભા–નાયબજિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), બાબરા–નાયબજિલ્લાવિકાસઅધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને યોજાશે.

**જાન્યુઆરી–૨૦૨૫ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ સાવરકુંડલા–જિલ્લા કલેકટર, ધારી–જિલ્લા વિકાસ અધિકારી, લાઠી–જિલ્લા પોલીસઅધિક્ષક, જાફરાબાદ–જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિયામક , બાબરા– પ્રાંત અધિકારી લાઠી, ખાંભા– પ્રાંત અધિકારી ધારી, લીલીયા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, રાજુલા–પ્રાંત અધિકારી રાજુલા, બગસરા–પ્રાંત અધિકારી બગસરા, વડીયા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), અમરેલી–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને યોજાશે.

**ફેબ્રુઆરી–૨૦૨૫ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ બાબરા–જિલ્લા કલેકટર, લીલીયા–જિલ્લા વિકાસ અધિકારી, ખાંભા–જિલ્લા પોલીસ અધિક્ષક, રાજુલા–જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિયામક, અમરેલી–પ્રાંત અધિકારી અમરેલી, ધારી–પ્રાંત અધિકારી ધારી, સાવરકુંડલા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, જાફરાબાદ–પ્રાંત અધિકારી રાજુલા, વડીયા–પ્રાંત અધિકારી બગસરા, લાઠી–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), બગસરા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને યોજાશે.

**માર્ચ–૨૦૨૫ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ ખાંભા–જિલ્લા કલેકટર, વડીયા–જિલ્લા વિકાસ અધિકારી, બાબરા–જિલ્લા પોલીસ અધિક્ષક, અમરેલી–જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિયામક , લાઠી–પ્રાંત અધિકારી સાવરકુંડલા, ધારી–પ્રાંત અધિકારી ધારી, લીલીયા–પ્રાંત અધિકારી સાવરકુંડલા, રાજુલા–પ્રાંત અધિકારી, રાજુલા, બગસરા–પ્રાંત અધિકારી બગસરા, સાવરકુંડલા–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), જાફરાબાદ–નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ)ના અધ્યક્ષ સ્થાને યોજાશે.

અમરેલી જિલ્લાના વિવિધ તાલુકા સ્વાગત કાર્યક્રમો માટે વિવિધ અધિકારીઓની નિયુકિત જિલ્લા કલેકટર દ્વારા કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં

વાવણી લાયક વરસાદ થયો છે. સ્થાનિક નદીમાં પુર આવ્યા, કેટલાક ચેકડેમો પણ ભરાયા છે, ખેડૂતો ખુશખુશાલ છે. હાલ આ પંથકમાં વધુ મગફળી અને કપાસનું વાવેતર કરવામાં આવી રહ્યુ છે. જોકે હજુ પણ અમુક વિસ્તારોમાં વાવણી લાયક વરસાદની કાગડોળે રાહ જોવાઈ રહી છે.

**ખાંભા**

સામાન્ય રીતે ચોમાસાની વાવણીનો શુભારંભ ભીમ અગિયારસ બાદ થતો હોય છે. પણ ગઈકાલે અમરેલી જિલ્લાનાં ખાંભા, સાવરકુંડલા, બાબરા સહિત તાલુકામાં પડેલા સચરાચર વરસાદથી ખેડૂતોને નવી આશાઓ ઉજજવળ થઈ છે અને ગયા વર્ષ કરતા ૧૫ દિવસ અગાઉ અમરેલી જિલ્લામાં ખેડૂતોએ વાવણીના શ્રી ગણેશ કરી દીધા છે. ગઈકાલે પડેલા વરસાદથી અમરેલી જિલ્લાનાં ખેડૂતોએ આજે વાવણીનાં શ્રી ગણેશ કરી દીધા છે. આજે ખેડૂતોએ સારા વરસાદની આશાએ આજથી જ કપાસીયા સોંપવાનું શરૂ કરી દીધું છે તો પિયતવાળા ખેડૂતોએ મગફળી પણ વાવી દીધી છે. જયરે દર વર્ષે ખેડૂતો મોટાભાગના ભીમ અગિયારસનાં શુભ દિવસે વાવેતર કરતા આવ્યા છે પણ ગઈકાલે પડેલા વરસાદથી ખેડૂતોને આ વર્ષે સોળ આની વર્ષ જવાની આશાઓ ઉજજવળ સાબિત થઈ રહી છે. ને ખેડૂતોએ ૧૫ દિવસ વ્હેલું વાવણી કાર્ય અમરેલી જિલ્લામાં શરૂ કરી દીધું છે. અમરેલી જિલ્લામાં અગાઉ કમોસમી વરસાદ વરસ્યા બાદ આ વખતે ૧૫ દિવસ વ્હેલો વરસાદ શરૂ થઈ જતાં ગઈકાલે તો વાવણીલાયક વરસાદ વરસ્યો હતો ને અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં તાલુકા મથકો પર સચરાચર વરસાદ વરસતા ખેડૂતોની કપાસીયા સોંપવાનું કાર્ય આ વખતે વ્હેલું શરૂ થઈ ગયું છે ને અમરેલી જિલ્લામાં મુખ્ય કપાસ અને મગફળીનાં વાવેતર થતાં હોય. ત્યારે કપાસીયા જમીનમાં સોંપીને સારા વરસાદની વાટ ખેડૂતો જોઈ રહ્યા છે.

સ્થાનિક કોર્ટમાં કેસ ચાલી જતા

## અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મારામારીનાં ગુન્હાના આરોપી નિર્દોષ જાહેર

### બચાવપક્ષે એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૧



અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૦૧૬/૨૧થી ફરીયાદ દાખલ થયેલ જેમાં આરોપી પ્રેમજીભાઈ વલ્લભભાઈ બાવશીની અટકાયત કરવામાં આવેલ. ત્યારબાદ પુરાવાઓ સાથે પોલીસ દ્વારા ચાર્જસીટ કોર્ટમાં રજુ કરેલ ફરીયાદી પક્ષે સાહેદો તથા કેસનાં તપાસ કરનારને તપાસતા અંતે કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરેલ. જેમાં બચાવ પક્ષે વિધ્વાન ધારાશાસ્ત્રી જે.આર. વાળા. ની દલીલો ગ્રાહય રહી.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં ચોરાપા, દેરાસર, ઘાંચીવાડ,

દેરાસર, ઘાંચીવાડ, બટારવાડી, બહારપરા, મોટા ખાટકીવાડ, ભાટીયા શેરી તેમજ સાતમી બારી વિસ્તારમાં અવાર નવાર લો વોલ્ટેજ થતો હોય જેથી અહીંના લોકો પાસે જે સુખ–સુવિધા ટીવી, ફ્રીઝ, એસી વગેરે જેવા સાધનોને ખુબ જ મોટુ નુકસાન થાય છે અને લોકોને હાલાકી ભોગવવી પડે છે. આમ, આ એરીયાની અંદર ટીસી તેમજ ફીડર કોઈપણ જગ્યાએ ઉભુ કરવામા આવે તો આવી નુકસાનીમાંથી લોકો બચી શકે અને હાલની કાળ ઝાળ ગરમીમાં લોકો લાઈટ વગર હેરાન થતા અટકે. અને હવે ચોમાસાની સીઝન શરૂ થવાની હોય વરસાદી વાતાવરણમાં લાઈટ જતા ગામડા જેવો માહોલ ઉપરોકત તમામ વિસ્તારમાં રહેતો હોય અને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય આ બાબતે આ વિસ્તારમાં વર્ષોથી પરેશાન કરતા લો વોલ્ટેજના પ્રશ્નનું નિરાકરણ સત્વરે લાવવા માંગ ઉભી થઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## સ્પોર્ટસ કોલેજ શરૂ થશે

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના જિલ્લા રમત સંકુલ નજીકની કોલેજ હોય તો તેને છૂટછાટ આપી શકાશે તેમજ ડી.એલ.એસ.એસ શાળાની નજીકની કોલેજ યુનિવર્સિટીને અગ્રતા આપવામાં આવશે. આ ઉપરાંત ઓછામાં ઓછી ૨૦૦ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનિઓ માટે હોસ્ટેલ સુવિધા અને પ્રાથમિક સુવિધા અને વિકસિત મેદાન ઉપલબ્ધ હોય તે પ્રથમ પસંદગીને પાત્ર ગણવામાં આવશે. આ અંગેનો ઠરાવ sports atuthority. gujarat.gov.in ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરામાં બુલેટ ટ્રેનના યુગમાં

છે તે પણ સમય કર્તા ૨ કલાક મોડી ઉપાડેલ હતી જયારે ફરી આજે સવાર ની બગસરા રાજકોટ જે પણ સમય કર્તા ૧ કલાક મોડી ઉપાડેલ હતી જેના લીધે પેસેન્જરો પરેશાનીમાં મુકાઈ ગયા હતા જયારે આ બાબતે ડેપો માં પૂછતા તેમણે જણાવેલ કેકંડકટર બીમાર હોવાથી આવેલ નથી જેને હિસાબે ગાડી મોડી ઉપડશે જયારે આ બાબતે ડેપો મેનેજર ને ફોન દ્વારા કહેવામાં આવતા તેમણે કહેલ કે મને ખબર નથી હું તપાસ કરાવી લઉ છું આવા ચાલી રહેલ અણ ઘણ વહીવટથી લોકો પરેશાની માં મુકાઈ જાય છે જેના થી તંત્ર ને થોડીક પણ ગંભરતા નથી કે પછી હાલે છે હલાવો તેવી નીતિ થી વહીવટ કરે છે. બગસરા ડેપો માં ડ્રાઈવર તેમજ કંડકટર ની ઘટ હોવાથી અનેક વખત આવા રૂટો કાપી નાખવામાં આવે છે જયારે સુ ડેપો દ્વારા તંત્ર ને જાણ કરવામાં આવી છે કે બગસરા ડેપો માં સ્ટાફ ની ઘટ પૂરી કરવા કે પછી આવાજ અણ ઘણ વહીવટ થી ડેપો ચલાવવા માંગે છે તેવા પણ સવાલો લોકો દ્વારા ઉઠી રહ્યાં છે.

## અવસાન નોંધ

મૂળ દેવભૂમિદેવળીયા (તા. અમરેલી) હાલ સુરત નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ નરેશભાઈ (નટુભાઈ) ચંદ્રકાંતભાઈ કવીર (ઉ. વ. ૬૦) તે કનુભાઈ, શશીકાંતભાઈ ઘનશ્યામભાઈના ભાઈ, નયનેશના પિતાનું તા. ૧૧ને મંગળવારના રોજ સુરત ખાતે અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૩ને ગુરૂવારના રોજ રાતના ૮થી ૧૦સુધી સી–૧, બી, ૠષિકેશ રેસીડેન્સી, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરત ખાતે તથા તા. ૧૭ને સોમવાર દેવભૂમિ દેવળીયા ખાતે સાંજે ૪થી ૬ સુધી નિવાસ સ્થાને રાખેલ છે.

## જાહેર હરરાજી

:// શેઠાવદર પ્રા.શાળાનાં જુના બિલ્ડીંગની હરરાજી //:

ઉપરોકત પ્રા. શાળાનાં સમાવિષ્ટ હિસ્સો : ૬ નળિયાવાળા રૂમો, ૧ સ્લેબ વાળો રૂમ, કુમાર – કન્યા સેનિટેશન અને નળિયાવાળુ મધ્યાહનનું રસોડું જાહેર હરરાજી રાખેલ હોય જેની અપસેટ કિંમત ૮૦,૦૦૦/– રાખેલ છે.

**એસ. એમ. સી. અને ગ્રામ પંચાયત શેઠાવદર, મો. નં.૯૬૬૨૧ ૨૧૪૭૪**


## સંકુલ UG-PG કોલેજ – હોસ્ટેલ 6 મંથ ફી

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આર્ટસ કોલેજ | BA | 6600 | MA | 8600 | હોસ્ટેલ | 13400 |
| કોમર્સ કોલેજ | B.Com | 8600 | M.Com. | 8600 | " | " |
| સાયંસ કોલેજ | B.Sc. | 12400 | M.Sc. | 20000 | " | " |
| મેનેજમેન્ટ કોલેજ | BBA | 9300 | MBA | 22500 | " | " |
| કોમ્પ્યુટર કોલેજ | BCA | 12400 | MCA | 22500 | " | " |
| પ્રોફેશનલ કોલેજ | B.Ed. | 20000 | DMLT | 20000 | ફાર્મસી | 30000 |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 042


## જાહેર નોટિસ

:// સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //:

અપીલ રજી.નં. ૯૮/૨૦૨૪

અરજદાર : શ્રી સોજીત્રા ઉજિબેન ગોગનભાઈ
રહે. વડેરા, તા. જિ. અમરેલી.
મો.૯૮૯૮૨ ૭૯૫૩૩

// વિરૂધ્ધ //

સામાવાળા : જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી,
– વ –
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. વડેરા, તા. જિ. અમરેલી.

// જાહેર નોટીસ //

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાનાં વડેરા ગામનાં સોજીત્રા ઉજિબેન ગોગનભાઈ તેઓની પુત્રી રેખા ગોગનભાઈ સોજીત્રા જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ **તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ** મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૮૬ | ૧૨૬૧ |
| ૨ | શિંગ મોટી | ૯૬૦ | ૧૨૧૬ |
| ૩ | શિંગદાણા | ૧૫૮૫ | ૧૮૧૨ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૭૦ | ૧૫૭૬ |
| ૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૫૪ |
| ૬ | તલ કાળા | ૧૭૫૦ | ૩૨૨૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૭૬ | ૩૦૩૦ |
| ૮ | બાજરો | ૩૫૮ | ૪૨૩ |
| ૯ | જુવાર | ૪૦૩ | ૮૪૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૨ | ૫૬૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૯ | ૫૬૫ |
| ૧૨ | મકાઈ | ૪૧૨ | ૪૭૦ |
| ૧૩ | મગ | ૧૦૨૦ | ૧૬૧૯ |
| ૧૪ | અડદ | ૧૫૨૫ | ૧૮૪૦ |
| ૧૫ | ચણા | ૧૧૭૫ | ૧૩૦૨ |
| ૧૬ | ચોળી | ૨૬૧૦ | ૨૯૯૫ |
| ૧૭ | કપાસ | ૯૪૬ | ૧૪૬૬ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૦૭૮ |
| ૧૯ | જીરૂ | ૩૨૦૦ | ૫૨૫૦ |
| ૨૦ | રાયડો | ૯૬૭ | ૯૬૭ |
| ૨૧ | ધાણા | ૧૦૫૦ | ૧૩૫૫ |
| ૨૨ | અજમા | ૧૦૦૦ | ૨૨૭૫ |
| ૨૩ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૪ | સોયાબીન | ૭૨૫ | ૮૭૬ |
| ૨૫ | વરીયાળી | ૧૦૦૦ | ૧૩૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૦ | ૧૩૯૦ |
| ૨ | મગફળી | ૯૮૧ | ૧૨૨૦ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૧૯ |
| ૪ | ચણા | ૧૨૭૨ | ૧૨૭૨ |
| ૫ | છોલે ચણા | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ૬ | તુવેર | ૧૭૯૫ | ૧૭૯૫ |
| ૭ | ધાણા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૮ | તલ | ૨૨૯૦ | ૨૪૭૫ |
| ૯ | મેથી | ૧૦૭૦ | ૧૧૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | શીંગફાડા | ૧૨૯૦ | ૧૩૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૩૦ | ૧૧૦૧ |
| ૨ | શીંગ મોટી | ૯૬૧ | ૧૧૭૧ |
| ૩ | શીંગ નવી | ૧૦૦૦ | ૧૩૧૧ |
| ૪ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૩૩૦ | ૨૬૬૦ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૩૧૫૦ |
| ૭ | જીરૂ | ૪૫૦૦ | ૫૫૦૦ |
| ૮ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૨ |
| ૧૧ | બાજરો | ૪૦૦ | ૪૮૧ |
| ૧૨ | જુવાર | ૫૦૦ | ૮૯૨ |
| ૧૩ | મગ | ૧૫૫૦ | ૧૬૯૦ |
| ૧૪ | ચણા | ૧૧૭૫ | ૧૩૩૧ |
| ૧૫ | તુવેર | ૧૮૦૦ | ૨૧૬૮ |
| ૧૬ | એરંડી | ૧૦૪૩ | – |
| ૧૭ | અડદ | ૧૬૫૦ | ૧૯૨૨ |
| ૧૮ | રાય/રાયડો | ૧૦૦૮ | – |
| ૧૯ | સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૩૧ | ૧૪૮૯ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૧૧૦ |
| ૩ | ચણા | ૧૧૫૫ | ૧૩૩૫ |
| ૪ | જીરૂ | ૪૬૨૫ | ૫૩૭૫ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૬૫ | ૨૪૭૫ |
| ૭ | જુવાર | ૫૯૫ | ૭૮૫ |
| ૮ | મગ | ૧૪૬૦ | ૧૫૦૦ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૪૦૦ |


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૨૮૫ |
| ૨ | ચણા | ૧૨૪૭ | ૧૩૨૩ |
| ૩ | ધાણા | ૧૦૨૦ | ૧૧૨૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૧૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૯૬ |
| ૬ | લસણ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | રાય | ૯૦૫ | ૧૦૨૦ |
| ૮ | તલ સફેદ | ૧૭૧૫ | ૨૪૮૦ |
| ૯ | સીગફાડા | ૧૩૧૫ | ૧૪૦૦ |
| ૧૦ | સોયીબન | ૭૩૬ | ૮૪૦ |
| ૧૧ | મગ | ૧૧૬૫ | ૧૫૩૨ |
| ૧૨ | અડદ | ૧૫૫૦ | ૧૬૫૦ |
| ૧૩ | મગફળી | ૮૦૦ | ૧૦૮૦ |
| ૧૪ | તુવેર | ૧૯૨૦ | ૧૯૨૦ |
| ૧૫ | ઈસબગુલ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૧૬ | જુવાર | ૫૦૦ | ૮૦૧ |
| ૧૭ | જીરૂ | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૧૮ | ચણા સફેદ | ૧૨૨૦ | ૧૨૬૦ |
| ૧૯ | શીંગદાણા | ૧૫૨૦ | ૧૫૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૨૦૫ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| ૩ | તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૪૧૧ | ૫૦૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૦ |
| ૭ | જુવાર | ૫૩૬ | ૯૦૭ |

# અમરેલી ખાતે મહિલા રઘુવીર સેના દ્વારા ત્રિદિવસીય સમર કેમ્પ યોજાયો






અમરેલી જિલ્લા અને અમરેલી શહેર રઘુવીર સેનાના સહયોગ અને માર્ગદર્શન મુજબ અમરેલી શહેર મહિલા રઘુવીર સેના દ્વારાઅમરેલીશહેરરઘુવંશીપરિવારના ૫ થી ૧૫ વર્ષના બાળકો માટે ત્રણ વિદસીય સમર કેમ્પ રાખવમાં આવ્યો હતો આ કેમ્પમાં અંદાજે ૫૦ બાળકોએ ભાગ લીધો હતો, આ કેમ્પ માં દરરોજ ત્રણ દિવસ બાળકોને નવી-નવી એકટીવીટી અને સ્કીલ ડેવલોપમેન્ટ એકટીવીટી કરાવવામાં આવેલ કેમ્પના આખરીદિવસેબાળકોનેઠંડા પીણાસાથે નાસ્તો અને સુવ્યવસ્થિત ગીફ્ટ વિતરણ કરાતા બાળકો ખુશ ખુશાલ બન્યા હતા અમરેલીરઘુવીર સેના મહિલા પાંખદ્વારા ખુબ મહેનતથી ઉત્સાહ પુર્વક અને કુશળ તા થી સમર કેમ્પનું સંચાલન કરવામાં આવેલ.જિલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા, જિલ્લા ઉપપ્રમુખ પ્રિતેશભાઈ માનસેતા, ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયાઅનેમહેરભાઈ મશરૂ એઆવુસુંદરઅનેઆયોજનકરવાબદલ અમરેલી મહિલા રઘુવીર સેનાના તમામ બહેનોને ધન્યવાદ સહ અભિનંદન પાઠવ્યા હતા આ સમર કેમ્પને સફળ બનાવવા માટે અમરેલી મહિલા રઘુવીર સેનાના પ્રમુખ સોનલબેન નથવાણી, ઉપપ્રમુખઆરતીબેનઅટારા, દિપ્તીબેન ખંધેડીયા, મહામંત્રીઉર્વીબેનમોરજરીયા, જાગુબેન નાગ્રેચા, શ્વેતાબેન માનસેતા, હેતલબેનનથવાણી, નિશાબેનવિઠલાણી, અમીબેન ઉનડકટ, દયાબેન નથવાણી, કુસુમબેનચંદારાણા, ઉષાબેનખીરશીયા, ડિમ્પલબેન પોપટ, ક્રિનાબેન માનસેતા, જયોતીબેન માનસેતા, કવિતાબેન વડેરા, વિભુતીબેન છેલાણી, ઉષાબેન વસાણી સહિતની બહેનોએ ભારે જહેમતઉઠાવીકેમ્પનેસફળતાઅપાવી હતી.

### ગોસ્વામી સાધુ સમાજ દ્વારા

## ઉના ખાતે ધો.૧ થી કોલેજ સુધીનાં તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરાયા

### સમાજનાં આગેવાનો પણ ઉપસ્થિત રહયા

ઉના, તા. ૧૧

ઊનામાં ગોસ્વામી સાધુ સમાજના તમામ તેજસ્વી વિદ્યાર્થી ઓનો સત્કાર સન્માન સમારંભ યોજાયો હતો આ સમારંભમાં સમાજના પ્રમુખ ગોસ્વામી રાજેશભારતી કિશોરભારતી અધ્યક્ષતામાં ગોસ્વામી સુંદરપુરી કાનપુરી તથા સમાજનાં સન્માનીય જ્ઞાતિ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગ નિમિત્તે સમાજના તમામ અગ્રણીઓનું સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું તથા અગ્રણીઓ દ્વારા વિદ્યાર્થિઓને પ્રોત્સાહિત પ્રેરણારૂપી વક્તવ્યો આપવામાં આવ્યા. ત્યારબાદ વિદ્યાર્થિઓને પ્રોત્સાહન માટે સર્ટિફિકેટ, બેગ અને સ્ટેશનરીની કીટ આપવામાં આવી



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

જેમાં એડવોકેટ ધર્મેન્દ્ર ગીરી બાલુગીરી ગોસ્વામી વાસોજવાળા તરફથી સમાજના તમાંમ વિદ્યાર્થીઓને સ્કૂલ અને કાલેજ સુધીના ૨૦૦ બેગ સપ્રેમ ભેટ આપવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓને તેમનાં ઉજ્જવળ કારકિર્દી માટેની શુભેરછાઓ સાથે સમાજનું નામ હંમેશા આગળ વધારે તેવી શુભેરછા પાઠવવા માં આવી હતી.

## અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૧૩ જૂને ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લામાં યુવાઓને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુથી અનુબંધન વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાનગી ક્ષેત્રના ઓનફયુચર સેલ્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુશન રાજકોટ માટે ૧૮ થી ૪૫ વર્ષની વય મર્યાદા ખાલી જગ્યાને અનુરૂપ નકકી કરવામાં આવી છે. ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ખાલી જગ્યાને અનુરૂપ નકકી કરવામાં આવી છે. આ ઉપરાંત ધો ૧૨ પાસ શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજીટલ માધ્યમથી ભરતીમેળાનું આયોજન તા. ૧૩ જૂન, ૨૦૨૪ના રોજ સવારે ૧૧ : ૦૦ વાગ્યે ઔધોગિક તાલીમ સંસ્થા લાઠી રોડ અમરેલી ખોતહાથ ધરવામાં આવશે. ભરતીમેળામાં આધારકાર્ડ તેમજ શૈક્ષણિક લાયકતાના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજીયાત રહેશે, રજીસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/accout/signup પર નોંધણી કરવી તેમ જીલ્લા રોજગાર અધિકારી દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ૧૨ જૂન "બાળ-મજૂરી વિરોધ દિવસ" આજના બાળકો આવતીકાલનું ભારત બનાવશે - ચાચા નહેરૂ



અમરેલી તા. ૧૧

વર્ષ ૨૦૦૨માં બાળ-મજૂરી અંગે જાગૃતિ લાવવાના ઉદેશથી વિશ્વ મજૂર સંગઠન, યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૨ જૂનનો દિવસ "બાળ-મજુરી વિરોધ દિવસ" તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યું હતું. બાળ-મજુરી એ વર્તમાન સમાજનું કલંક છે. તેનાથી લાખો-કરોડો બાળકોનું આપણે બાળપણ છીનવાઈ રહ્યું છે.

કોઈ પણ બાળકને પુખ્ત થયા પહેલા બાળ-મજુરીમાં ધકેલી દેવાથી તેનો અભ્યાસ, સાધારણ વિકાસ, રમત-ગમત તેમજ મનોરંજનનો અધિકાર છીનવાઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં આવા બાળકો ગુનાખોરી કે વ્યસનની લતે પણ ચડી હોય છે. ભણવાની ઉંમરે બાળકો ઘરકામ, ચાની કીટલી કે હોટલમાં મજુરી, જોખમી ઔધોગિક કામોમાં લાગી જતાં હોય છે. ખેતીકામ, ગૃહઉધોગ, ઢોર ચરાવવા જેવા કામો પણ અનેક બાળકોએ કુમળી વયમાં કરવા પડે છે. આ તમામથી અતિ ગંભીર એવા ભીખ માગવામાં અને કેટલાક કિસ્સાઓમાં ડ્રગ-ટ્રાફિકિંગ માટે પણ બાળકોનો ઉપયોગ થાય છે અને વળી બાકીઓના કિસ્સાઓમાં નાની ઉંમરમાં વેશ્યા-વૃતિ જેવા અતિ નિમ્ન કક્ષાનાં કાર્યો બળ જબરીથી કરાવાય છે જે સમાજ માટે કલંક સમાન છે.

બાળમજૂરીને અટકાવવા માટે અનેક નીતિ નિયમો બનાવવામાં આવ્યા છે, પણ હજુ સુધી દેશમાં બાળમજૂરી નાબુત થઈ શકી નથી. "બાળમજૂરીને વિરોધ દિવસ" એ ફકત ઔપચારિકતા ન રહેતા સાર્થક કાર્ય બને તે જોવાનું દરેક જાગૃત નાગરિકનું નૈતિક કર્તવ્ય છે. બાળમજૂરીને સંપૂર્ણપણે નાબૂદ કરવું જોઈએ, બાળમજૂરી વિરોધાં કાયદાઓ વધુ કડક બનાવવા જોઈએ જેથી આ બાળમજૂરીનો વ્યવસાય ખતમ થઈ શકે. બાળકોનાં સારા ઉતમ ભવિષ્ય માટે શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવું જોઈએ એટલું જ નહીં શિક્ષણ નાનામાં નાના વર્ગનાં લોકોનાં બાળકો સુધી પહોંચે તેવા પ્રયાસો સતત કરવા જોઈએ. જેથી લોકોમાં જાગૃતિ આવશે અને બાળમજૂરી સંપૂર્ણપણે બંધ થશે. બાળકો એ દેશનું ભવિષ્ય છે જો તેમને યોગ્ય શિક્ષણ મળશે તો દેશનું ભવિષ્ય પણ ઉજળું થશે.

### 'ગ્રો મોર ફ્રુટ ક્રોપ' કેમ્પેન થકી

## અમરેલી જિલ્લા સહિત રાજયમાં ફળઝાડ વાવેતર વિસ્તાર વધારવાની ઝુંબેશનો પ્રારંભ

### ગામેગામ ફળાઉ ઝાડનો વાવેતર વિસ્તાર વધારવાનો પ્રયાસ

અમરેલી, તા. ૧૧

વિશ્વ પર્યાવરણ દિન નિમિતે રાજયના બાગાયત નિયામક સી.એમ.પટેલના અધ્યક્ષ સ્થાનેથી બાગાયત વિભાગ, ગાંધીનગર દ્વારા 'ગ્રો મોર ફુટ ક્રોપ' કેમ્પેન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આગામી ત્રણ માસ સુધી રાજયમાં ફળઝાડ વાવેતરા વિસ્તાર વધારવાની કામગીરી ઝુંબેશના ધોરણે હાથ ધરવા માટે રાજયના તમામ જિલ્લાના તેમ જ તાલુકાના અધિકારીઓને ઓનલાઈન બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું.

જેમાં રાજયના તમામ ગામોમાં ફળાઉ ઝાડનો વાવેતર વિસ્તાર વધે તે માટે ગામોગામ વિસ્તરણની કામગીરી કરવાની જીલ્લા તેમજ તાલુકા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી તેમજ આ કામને વેગ આપવા માટે ગ્રામ પંચાયત સરપંચઓ તેમજ સહકારી મંડળીના હોદેદારોની સમૂહ તાલીમોનું આયોજન કરવા જણાવ્યુ હતું. તેમજ તાલુકાના અધિકારીઓ પાસેથી આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થાય તે માટે તમામ જીલ્લાના અધિકારીઓ પાસેથી જરૂરી સૂચનો લેવામાં આવ્યા. આમ, આગામી સમયમાં બાગાયત વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ 'ગ્રો મોર ફ્રુટ ક્રોપ' કેમ્પેન દ્વારા પર્યાવરણ જાળવણીની સાથે રાજયમાં ફળાઉ વૃક્ષોનું વાવેતર ગામોગામ વધારી 'બાગાયત વાવો સમૃદ્ધી લાવો'ના સંકલ્પને પરીપુર્ણ કરી એક ઉતમ ઉદાહરણ પુરૂ પાડવામાં આવશે. વધુ માહીતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, અમરેલી ફોન નં. ૦૨૭૯૨- ૨૨૩૮૪૪ પર સંપર્ક કરી શકાશે તેમ નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

National Programme for Control of Blindness & Visual Impairment Run dy Government of India

રમાબેન અનિલભાઈ પારેખ પરીવાર-મુંબઈના આર્થિક સહયોગથી

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)

તથા

શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત

સુદર્શન નેત્રાલય-અમરેલી

ના સંયુકત ઉપક્રમે

વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

: તારીખ : ૧૩-૦૬-૨૦૨૪ ગુરૂવાર

: સ્થળ : લાયન્સ હોલ પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે, અમરેલી.

: સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦

:: વધુ માહિતી માટે :: નિલેશભાઈ ભીલ મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬ | લા.વિનોદભાઈ આદ્રોજા

:: પ્રોજેકટ ચેરમેન :: લા. જયેશભાઈ પંડયા મો. ૯૮૯૮૦ ૫૨૫૮૧ | લા.સાહસ ઉપાધ્યાય

લા. બિમલભાઈ રામદેવપુત્રા ખજાનચી | લા. કિશોરભાઈ શિરોયા પ્રમુખ | લા. ઋજુલભાઈ ગોંડલીયા સેકેટરી

નોંધ: બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે. અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે.

નોંધ: દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે.

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) પરિવાર

## લાઠી તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલક, રસોઈયા, મદદનીશની જગ્યાઓ માટે તા. ૧૮ જૂન સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલક, રસોઈયા, મદદનીશની આવશ્યતા છે. આ જગ્યા માટે જરૂરી આધાર પુરાવા સાથે તા. ૧૮ જૂન, ૨૦૨૪ બપોરના ૩ વાગ્યા સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન યોજના શાખા ખાતે અરજી કરવાની રહેશે. અરજી ફોર્મ મામલતદારા કચેરી લાઠી ખાતેથી નિયત ફી ભરીને કચેરી સમય દરમિયાન મળી શકશે. સંચાલકની જગ્યા કાંચરડી પ્રાથમિક શાળા, કૃષ્ણગઢ પ્રાથમિક શાળા, દુધાળા લાઠી પ્રાથમીક શાળા, પ્રતાપગઢ પ્રાથમિક શાળા, માલવીયા પિપરીયા પ્રાથમિક શાળા, મેમદા પ્રાથમિક શાળા, હજીરાધાર પ્રાથમિક શાળા, લાઠી તાલુકા પે.સે.પ્રાથમિક શાળા, કેન્દ્રો પર છે. રસોયાની જગ્યા ધામેલપરા પ્રાથમિક શાળા, દુધાળા લાઠી પ્રાથમીક શાળા, પ્રતાપગઢ પ્રાથમિક શાળા, ભટ્ટવદર પ્રાથમીક શાળા, રાભડા પ્રાથમિક શાળા, લુવારીયા નવી પ્રાથમિક શાળા, હીરાણા પ્રાથમિક શાળા કેન્દ્રો પર છે. મદદનીશની જગ્યા આંબરડી પ્રાથમિક શાળા, છભાડીયા પ્રાથમિક શાળા, દુધાળા લાઠી પ્રાથમીક શાળા, ધામેલ પ્રાથમિક શાળા, મેથળી પ્રાથમીક શાળા, લાઠી કન્યા પ્રાથમીક શાળા, લુવારીયા નવી પ્રાથમિક શાળા, હજીરાધાર પ્રાથમિક શાળા, કેન્દ્રો પર છે. ઓછામાં ઓછી ધો.૧૦ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખે ઓછામાં ઓછી ૨૦ થી ૬૦ વર્ષની વચ્ચેની ઉંમર ધરાવનારા ઉમેદવારોએ આધાર પુરાવા સાથે જરૂરી વિગતો ભરીને અરજી કરવાની રહેશે. આ જગ્યાઓ માટે સરકારના નિયમ મુજબ નિયત માનદ વેતન આપવામાં આવશે. નિયમ અનુસારના અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબની લાયકાત, વયમર્યાદા તથા સરકાર દ્વારા ઠરાવેલ ધારા ધોરણો ધરાવતા ઉમેદવારોને જ રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે તે સમયે અને સ્થળે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલીમાં 'કલાપી યાદ આવે છે' શીર્ષક તળે કવિ કલાપીને શબ્દાંજલિ અર્પણ કરાઈ






ગુજરાતી ભાષાના અમર સર્જક લાઠીના રાજવી કવિ કલાપીની પુણ્યતિથિ નિમિત્તે અમરેલી ખાતે તા. ૯-૬- ૨૦૨૪ને રવિવારના રોજ રૂપાયતન પરિસર અમરેલીમાં ગદ્ય સાહિત્ય સભા અમરેલી આયોજિત 'કલાપી યાદ આવે છે' શીર્ષક તળે કવિ કલાપીના ગદ્ય સાહિત્ય વિશે આસ્વાદ સંવાદ રૂપ વકવ્યો દ્વારા શબ્દાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે અમરેલીના જાણીતા લોકગાયક ભરત અગ્રાવત દ્વારા કલાપીની રચનાના ગાન સાથે સ્વર શુકન કરવામાં આવ્યા હતા. આયોજક ટીમ વતી ભરત ઉપાધ્યાય દ્વારા સૌનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. જાણીતા સર્જક સંચાલક પરેશ મહેતાએ પૂર્વભૂમિકામાં જણાવ્યું કે લાઠીના રાજવી કવિ કલાપીની પુણ્યતિથિ નિમિત્તે અમરેલી નગરમાં આયોજિત આ ઉપક્રમમાં એમના ગદ્ય સાહિત્યના આસ્વાદ સંવાદ દ્વારા અભ્યાસુ વક્તાઓ આ અમર સર્જકના ગદ્યનો પણ સૌને પરિચય કરાવશે. અમરેલીના જાણીતા વાર્તાકાર અને સાહિત્ય મરમી નિખિલ વસાણીએ કલાપીના પત્ર સાહિત્યમાંથી ચુંટેલા પત્રોની વાત કરીને એક અલગ જ મિજાજના રાજવીની હકારાત્મક બાજુને ઉજાગર કરી હતી. વાર્તાકાર, નવલકથાકાર વાસુદેવ સોઢાએ તેમની આગવી શૈલીમાં કલાપીનગર લાઠીના વસવાટનું સંવેદન અને કલાપી રચિત સંવાદો વિશે નાટયાત્મક ઢબે સંવાદ પ્રસ્તુતિ વાંચન અને વાત કરી હતી. અમરેલીના યુવા કવયિત્રી, લેખિકા, સામાજિક કર્મશીલ દિવ્યા સોજીત્રાએ કલાપીના 'કાશ્મીરનો પ્રવાસ'ના વર્ણન વિશે એમની અદભુત સૌંદર્ય દર્શન, સ્થાનિક પ્રજાના જીવન અનુભવ યાત્રાની વિશદ છણાવટ કરી હતી. અધ્યક્ષ સ્થાનેથી વરિષ્ઠ સાહિત્યકાર રવજીભાઈ કાચાએ કવિ કલાપીના ગદ્ય સાહિત્ય વિશે આયોજિત આ વિચારને વધાવી અને નિખિલ વસાણી, વાસુદેવ સોઢા, દિવ્યા સોજીત્રાના અભ્યાસ પૂર્ણ વક્તવ્યની સરાહના કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરેશ મહેતાએ કર્યું હતું. આ તકે વિશેષ ઉપસ્થિતિમાં અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્ક્રીમ), નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને લેખક ઘનશ્યામભાઈ સોલંકી, સંગીતકાર સંજીવ ધારૈયા, સર્જકો ભાવકો સર્વ બાલકિશન જોગી, પ્રકાશ જોશી, ભિખેશભાઈ જોષી, ચેતના બાજક, શીલા મહેતા, સુરેશભાઈ મહેતા, ફિરોજ હસ્નાની, મનીષ રામાણી, છગનભાઈ ધોરાજીયા, ધવલ જોશી, હીરાબેન ભુવા, તરૂબેન વ્યાસ, ડી.વી.ગોંડલીયા સહિતના પૂર્ણ સમય સુધી ઉપસ્થિત રહી સાહિત્ય સંવાદમાં રસ તરબોળ થયા હતા. હા અલગ જ કાર્યક્રમને રાજકોટનાં જાણીતા લેખક, લોક સાહિત્યકાર નિલેશ પંડયા દ્વારા તેમની કરૂણા ટોક ચેનલથી પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ તેમજ મુંબઈથી રાજેશ પટેલ સહિત અને કલાપી પ્રેમીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા જુદા-જુદા અધિકારીઓને જવાબદારી સોંપાઈ

# અમરેલી જિલ્લાનાં તાલુકા સ્વાગત કાર્યક્રમ માટે વિવિધ અધિકારીઓ નિયુક્ત થયા

**નાગરિકોનાં પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય, સરળતાથી ન્યાય મળે તે હેતુથી સરકાર દ્વારા સુંદર આયોજન**

**દર માસે તાલુકા કક્ષાએ સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે**

**વધુમાં વધુ નાગરિકો સ્વાગત કાર્યક્રમનો લાભ લઈને તેમનાં પ્રશ્નોનું નિરાકરણ કરાવી શકે છે**

**કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક સહિતનાં ઉચ્ચ અધિકારીઓ પણ વિવિધ સ્થળોએ ઉપસ્થિત રહેશે**

અમરેલી, તા.૧૧

નાગરિકોનાપ્રશ્નોનુંઝડપથી નિરાકરણ થાય, સરળતાથી ન્યાય મળે તે હેતુથી રાજય સરકાર દ્વારા ફરિયાદ નિવારણ માટેનો 'સ્વાગત' કાર્યક્રમ અમલી છે. આ કાર્યક્રમ તાલુકા કક્ષાએ દર માસે યોજવામાં આવે છે. આ કાર્યક્રમની જાણકારી લોકો સુધી પહોંચે અને તાલુકા કક્ષાના કાર્યક્રમનો લોકો યોગ્યઅનેપૂરતોલાભલેઅનેતેમાટેઆ







કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા કક્ષાનાઉચ્ચઅધિકારીઓનીહાજરીમાં આ કાર્યક્રમ યોજાય તેવું સૂચન રાજયના મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં યોજાનાર તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી સંચાલન કરવા માટે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકામાં યોજાનારા તાલુકા સ્વાગત કાર્યક્રમ માટે જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા અધિકારીઓને નિયુકત કરવામાંઆવ્યાછે,જેમનાઅધ્યક્ષસ્થાને અમરેલીજિલ્લાનાવિવિધતાલુકાઓમાં તાલુકાસ્વાગતકાર્યક્રમયોજાશે.

**જૂન-૨૦૨૪ :** તાલુકા સ્વાગત કાર્યક્રમ અમરેલી-જિલ્લા કલેકટર, લાઠીજિલ્લાવિકાસઅધિકારી, ધારી-જિલ્લા પોલીસ અધિક્ષક, બગસરા-જિલ્લાગ્રામવિકાસએજન્સી,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## લ્યો બોલો : ૧૦૮ એમ્બ્યુલન્સ બીમાર પડી



સરકાર લોકોને તાત્કાલિક સારવાર માટે દવાખાને પહોંચાડી શકે તે માટે થઈ એમ્બ્યુલન્સ ૧૦૮ની સુવિધા શરૂ કરી છે. આ એમ્બ્યુલન્સ ૧૦૮ નો ઘણાં લોકોએ લાભ પણ લીધો છે અને એમ્બ્યુલન્સ ૧૦૮ની મદદથી અનેક લોકોના જીવ પણ બચી જવા પામેલ છે. જેમાં ખાસ અંતરિયાળ વિસ્તારમાં વસતા અને તેમાં પણ સગર્ભા બહેનો માટે આ સેવા લાઈફ લાઈનથી ઓછી નથી. ત્યારે એક એમ્બ્યુલન્સ ૧૦૮ દર્દીને લઈને જતી હતી ત્યારે આ એમ્બ્યુલન્સ બસ શરૂ ન થતાં એમ્બ્યુલન્સ બસને ધક્કા મારવાનો વખત આવ્યો હોય તેવો એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે. આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી-સાવરકુંડલા વચ્ચે આવેલ મોટા ગોખરવાળા ગામે ઈમરજન્સી દર્દીને લેવા માટે એમ્બ્યુલન્સ ૧૦૮ પહોંચી હતી. ત્યારે આ દર્દીને એમ્બ્યુલન્સમાં સુવડાવ્યા બાદ એમ્બ્યુલન્સ શરૂ જ નહિ થતાં સ્થાનિક લોકો દ્વારા એમ્બ્યુલન્સ બસને ધક્કો માર્યા બાદ શરૂ થવા પામી હતી. ત્યારે અમરેલી જિલ્લામાં ૧૦૮ સેવા મેઈન્ટનન્સના વાંકે ખાડે ગઈ હોય તેવા દ્રશ્યો ઉભા થવા પામેલ છે. ત્યારે સવાલ એ ઉભો થવા પામેલ છે કે દર્દી સાથે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ તો જવાબદારી કોની? ત્યારે એમ્બ્યુલન્સ બસને ધક્કા મારતો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

### રાયબરેલી ખાતે યોજાયેલ આભાર સભામાં રાહુલ ગાંધીની સટાસટી

# જો પ્રિયંકા ગાંધી વારાણસીથી ચુંટણી લડયા હોત તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨ થી ૩ લાખ મતોથી પરાજીત થયા હોત

**પ્રિયંકા ગાંધીએ રાયબરેલીના મતદારોનો આભાર માન્યો**



અમરેલી, તા. ૧૧

દેશમાં સર્વાધિક લોકસભાની ૮૦ બેઠક ધરાવતા ઉતરપ્રદેશમાં કોંગ્રેસ પક્ષ અને સમાજવાદી પાર્ટીને ભાજપ કરતાવધારે બેઠકમળતા સપાઅને કોંગીકાર્યકરોમાં ઉત્સાહનાંઘોડાપુરજોવામળીરહયાછે.

દરમિયાનમાંરાયબરેલીમાં કોંગીનેતા રાહુલ ગાંધીનો ઐતિહાસીક મતોથી વિજય થતા આજે રાયબરેલી ખાતે આભાર સભા યોજાઈ હતી જેમાં કોંગી નેતા રાહુલ ગાંધીએ જણાવ્યુ કે પ્રધાનમંત્રીનરેન્દ્ર મોદીબંધારણનેમાથા પરચડાવતાથયાછે તેની પાછળ જનતા જનાર્દન છે.

વધુમાંજણાવ્યુંકે, જોપ્રિયંકા ગાંધીવારાણસી બેઠકઉપરચુંટણીલડી હોતતોપ્રધાનમંત્રીનરેન્દ્રમોદીનો ર થી ૩ લાખમતોથી પરાજય થયો હોત.

આ તકે પ્રિયંકા ગાંધીએ રાયબરેલીનીસાથેઅમેઠીનાંમતદારોનો બંનેબેઠકઉપરકોંગ્રેસનેવિજેતાબનાવવા આભારમાન્યોહતો.

### જસાધાર રાઉન્ડની ધોકડવા રેવેન્યુ બીટનાં

# જુના ઉગલા રેવન્યુ ગામે સસલાનો શિકાર કરી માંસ કાઢનાર રંગેહાથે ઝડપાયા

**૩ ઈસમો સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરાઈ**

અમરેલી, તા.૧૧

ગીર (પુર્વ) વન વિભાગ ધારી હેઠળની જસાધાર રેન્જના કાર્યક્ષેત્ર હેઠળની જસાધાર રાઉન્ડની ધોકડવા રેવન્યુ બીટના કાર્યક્ષેત્રના જુના ઉગલા રેવન્યુ ગામે પ્લોટ વિસ્તારમાં આવેલ સામતભાઈ બચુભાઈ રાઠોડના રહેણાંક મકાનમાં વન્યજીવ સસલાનો શિકાર કરીને માંસ રાખેલ હોવાની બાતમી વન વિભાગને મળતા તા.૧૧ના વ્હેલી સવારના ૨ વાગ્યાના સમયે નાયબ વન સંરક્ષક ધારીના રાજદીપસિંહ ઝાલાના સીધા માર્ગદર્શન હેઠળ રેન્જ ફોરેસ્ટ ઓફીસર જસાધાર એલ.બી. ભરવાડની ટીમ સાથે રાખી તાત્કાલીક સ્થળ પર પહોચી સ્થળ ઉપર ચકાસણી કરતા જુનાઉગલા ગામે સામતભાઈ બચુભાઈ રાઠોડ, ભરતભાઈ જેરામભાઈ શિયાળ રહે.



બંને જુના ઉગલા તથા નાગભાઈ દિપુભાઈ સોલંકી (રહે. આંબલીયાળા તા.ખાંભા)ના રહેણાંક મકાનમાં શિકાર કરી લાવેલ સસલાને છરી, કુહાડા, દાતરડા વડે કાપી સસલાનું માંસ કાઢતા રંગેહાથે ઝડપી લીધા હતા. આ ઝડપાયેલા ત્રણેય ઈસમો સામે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ ધોરણસર ગુન્હો નોંધી એડવાન્સ રીકવરી પેટે રૂા.૧,૦૫, ૦૦૦ (એક લાખ પાંચ હજાર પુરા) વસુલી ત્રણેય આરોપીઓને જામીન પર મુકત કરેલ હતા.

### સ્પોર્ટસ ઓર્થોરીટી ઓફ ગુજરાત દ્વારા

# અમરેલી જિલ્લામાં આગામી મહિનાઓમાં સ્પોર્ટસ કોલેજ શરૂ થશે

**કોલેજ શરૂ કરવા ઈચ્છુક સરકારી, ખાનગી કોલેજ, સંસ્થાઓ સંપર્ક કરે**

અમરેલી, તા.૧૧

ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં દરેક જિલ્લામાં સ્પોર્ટસ કોલેજ શરૂ કરવામાં આવશે. અમરેલી જિલ્લામાં સ્પોર્ટસ કોલેજ શઢ કરવા માટે રસ ધરાવતી સરકારી, ખાનગી કોલેજ સંસ્થાઓએ sports atuthority. gujarat.gov.in પર તા. ૧૫/૬/૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવી. જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ પસંદગી માટેના ધારા- ધોરણો, રમત-ગમત તેમજ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગના ઠરાવમાં દર્શાવ્યા મુજબ સરકારી અને ખાનગી કોલેજ અથવા સંસ્થા યુજીસી માન્ય યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ હોવાનું આવશ્યક છે. રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૫ એકર જમીન ઉપલબ્ધ હોવી આવશ્યક છે, જેમાં યુનિવર્સિટી કોલેજમાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોનર રમતની માળખાકીય સુવિધાઓનો પણ સમાવેશ થાય છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અવાર નવાર મોડા ઉપડતા રૂટથી પરેશાની

# બગસરામાં બુલેટ ટ્રેનના યુગમાં એસ.ટી. બસનાં કોઈ ઠેકાણા નથી

**એસ.ટી.નાં ઉચ્ચ અધિકારીઓને કાંઈ પડી નથી**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૧

બગસરા એસ ટી ડેપો દ્વારા ચાલી રહેલ અણ ધણ વહીવટ થી પેસેન્જરો હેરાન પરેશાન થઈ ગયા છે જયારે બગસરા થી લાંબા રૂટ ની બસ જેવી કે બગસરા દાહોદ જે ભરચક જતી હોય છે જેમાં જવા વાળા લોકો આ બસ સમય કર્તા ૧ કલાક મોડી ઉપડતા લોકો પરેશાની માં મુકાઈ ગયા હતા આ એક દિવસ માં બગસરા થી મહુવા જતી સવારની એક માત્ર બસ

**અનુસંધાન પાના ૬ ઉપર**















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)